# જીવન પાથેય

પૂજ્યશ્રી નારાયણભાઈએ પ્રબોધેલ
અનુભવસિદ્ધ અધ્યાત્મસાર

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૪૨

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

***જમણા ચરણકમળમાં નવ ચિહ્નો:**

**સ્વસ્તિક** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઈશાન-નૈૠત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્‌કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા** ભગવત્‌કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંતઃશત્રુને વશ રાખવાનું સૂચવે છે.

**ધ્વજ** અથવા કેતુ સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

વજ્ર — ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

પદ્મ — જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.

જાંબુફળ — ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.

જવ — અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.

***ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો:**

મીન — સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.

ત્રિકોણ — જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.

ધનુષ — અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.

| | |
|---|---|
| **ગોપદ** | ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે. |
| **વ્યોમ** | ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે. |
| **અર્ધચંદ્ર** | ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે. |
| **કળશ** | ભગવત્સ્વરૂપની સર્વોપરિતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે. |

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિઃસ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતારહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

।। श्री स्वामिनारायणो विजयतेतराम् ।।

# જીવન પાથેય

## પૂજ્યશ્રી નારાયણભાઈએ પ્રબોધેલ
## અનુભવસિદ્ધ અધ્યાત્મસાર

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૪૨

: સંસ્થાપક :

**• અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર •**

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

અમદાવાદ - ૩૮૦ ૦૧૩

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
સર્વજીવહિતાવહ ગ્રંથમાળા
* પ્રકાશન સમિતિ *
: પ્રેરક - માર્ગદર્શક :
* અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર *

©શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન, અમદાવાદ
(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ : ૧૯૮૧)

**પ્રથમ આવૃત્તિ**
પ્રત : ૩૦૦૦
૨૦૦૨, ૧૬, ફેબ્રુઆરી
સં. ૨૦૫૮ મહા સુદ ચોથ

**સેવા મૂલ્ય** : રૂ.૫/-

**પ્રકાશક**
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન
૮, સર્વમંગલ સોસાયટી,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩

**મુદ્રક**
ભગવતી ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી અને સદા સાકાર દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ **શ્રી સ્વામિનારાયણ ભગવાનના** ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા, એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિ મુક્તની સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા –આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ પર મહદ્ ઉપકાર કરનારા


પરમ દયાળુ

**અનાદિ મુક્તરાજ પ. પૂ.**

**શ્રી અબજીબાપાશ્રીના**

ચરણકમળોમાં સાદર

સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા
અનાદિ મુક્તરાજ શ્રી અબજીબાપા

# સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃપ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી

સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઊઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માનવજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઈ દૂર થઈ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ

વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ
નારાયણભાઈ ગી. ઠક્કર
સ્થાપક પ્રમુખ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં.૨૦૪૨, શ્રીહરિજયંતી
એપ્રિલ ૧૮, ૧૯૮૬
અમદાવાદ

આદ્ય સંસ્થાપક



અનાદિ મુક્તરાજ
પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

# નિવેદન

'શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન' સંસ્થાના સંસ્થાપક ને આજીવન પ્રમુખ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ આત્મા-પરમાત્માના અખંડ સાક્ષાત્કારવાળા, પ્રબુદ્ધ, અનુભવસિદ્ધ ને મહાન આર્ષદૃષ્ટા હોવાથી અધ્યાત્મજ્ઞાનની સાચી પીપાસા ધરાવતા મુમુક્ષુ સાધકો માટે પ્રખર આધ્યાત્મિક માર્ગદર્શક હતા. તેઓશ્રી 'સ્વામિનારાયણ ધર્મ'ને કોઈ સંકૂચિત વાડો નહિ ગણતાં એક મહાન વિશ્વધર્મ તરીકે પ્રતિપાદન કરતા. તેમની દૃષ્ટિ વિશદ્ ને સર્વધર્મ સમન્વયકારી હતી. તેઓશ્રીનો અભિગમ હંમેશાં સર્વજીવહિતાવહ જ રહેલો. તેઓશ્રી કહેતા કે પૂર્ણ પરબ્રહ્મ પરમાત્મા તત્વ એક જ છે ને તે અંતિમ-સર્વોપરી સત્તા છે. તે સ્વરૂપ ભગવાન શ્રી સ્વામિનારાયણરૂપે પૂર્ણસ્વરૂપે આવિર્ભાવને પામેલું હતું. મનુષ્યજીવનનું સર્વોચ્ચ ધ્યેય એ સર્વોપરી પરમાત્માના સ્વરૂપની પ્રપ્તિરૂપ આત્યંતિકમોક્ષ (Ultimate redemption) ની સ્થિતિ છે. એ સ્થિતિની ઉપલબ્ધિ પરમાત્માના પૂર્ણ આવિર્ભાવ (manifestation) ના યથાર્થ જ્ઞાન-ધ્યાન ને શુદ્ધ ઉપાસના વગર શક્ય નથી બનતી. તે માટે એ સ્વરૂપની શુદ્ધ ઉપાસના તથા તેનું ધ્યાન ને યથાર્થ જ્ઞાન અનિવાર્ય છે. મુમુક્ષુએ આ વાતનો ઊંડાણથી વિચાર કરવો રહ્યો.

પૂજ્યશ્રી નારાયણભાઈ પાસે વિવિધ ધર્મના અનુયાયીઓ

પણ આધ્યાત્મિક માર્ગદર્શન માટે આવતા, તેમના વાત્સલ્યપૂર્ણ સાંનિધ્યમાં બેસવા માત્રથી જ અનેક પ્રશ્નોના ખુલાસા આપોઆપ અંતઃકરણમાં જ થઈ જતા. સંસારના ત્રિવિધ તાપ શમી જઈ અંતરમાં શિતળતા વ્યાપી જતી, આવા અનુભવો અનેકને થયેલ છે. તેઓશ્રી પોતાના અંતરંગ સેવકો પાસે અનેક વખત આધ્યાત્મિકજ્ઞાનના ગહન રહસ્યોને પ્રગટ કરી તેમને ઉપકૃત કરતા. આ દિવ્ય વિચારભંડોળમાંથી પૂજ્યશ્રી નારાયણભાઈની હયાતીમાં જ અંતરંગ સેવકો દ્વારા સંકલિત કેટલાંક પ્રેરક ને સૈધાન્તિક વચનોના આધારે આ લઘુ પુસ્તિકા વિવિધ વિષયમુદ્દાઓ હેઠળ તૈયાર કરી છે, જે સરળ હોવા છતાં પણ તેનું અર્થગાંભીર્ય દર્શાવે છે. સ્વામિનારાયણ ધર્મના કે અન્ય, સત્વગુણી સજ્જનોને પણ તે ઉપયોગી નિવડે અને મુમુક્ષુ-સાધકો તેમ જ ભાવિ પેઢી તેનો મહદ્ લાભ ઉઠાવી પોતાની જીવનયાત્રા સફળ બનાવે તેવી આશા.

સં. ૨૦૫૮, મહા સુદ ચોથ
ઈ.સ. ૨૦૦૨, ૧૬ ફેબ્રુઆરી

પ્રકાશન સમિતિ
શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

# જીવન પાથેય

# જીવનનું ધ્યેય

★ માનવજીવનનું એકમાત્ર પરમ અને ચરમ ધ્યેય પરમાત્માનો સાક્ષાત્કાર કરી, તેની સાથે પરમઐક્ય સાધી, તે રૂપ થવું એ છે. એમ અનેક સત્‌શાસ્ત્રોમાં કહેલું છે. કારણ કે જીવમાત્ર પૂર્ણ, સ્થાયી ને શાશ્વત સુખ-શાંતિ-આનંદ ઇચ્છે છે અને સર્વ દુઃખોથી યથાર્થ રીતે મુક્ત થવા માંગે છે. આ સ્થિતિ કેવળ પરમાત્માના દિવ્ય સ્વરૂપની પ્રાપ્તિ દ્વારા જ સંભવે છે, આ સિવાયના બીજા કોઈ પણ લક્ષ્યને સિદ્ધ કરવાથી થઈ શકતી નથી.

★ મનુષ્યજીવન સત્ય-અસત્યનો વિવેક કરી અસત્યને ત્યજીને સત્યનું ગ્રહણ કરવા માટે છે, પરંતુ તેનો મૂળ હેતુ સર્વપ્રકારના દુઃખો ને પીડાઓમાંથી મુક્તિ મેળવી શુદ્ધ, સ્થાયી ને શાશ્વત સુખની પ્રાપ્તિ જ છે.

★ દીર્ઘકાળ પર્યંત આપણા ચિંતનનો વિષય એ હોવો ઘટે કે મનુષ્યજીવનની સાર્થકતા શેમાં છે, એનો પૂર્ણ નિર્ણય-નિશ્ચય કરી મનમાં સંશય રહિત સ્થિતિ નિષ્પન્ન કરવી અને આ સ્થિતપ્રજ્ઞ સ્થિતિને પ્રતિપળ દૃઢ બનાવતા જવી. ત્યારે જ આપણે આત્યંતિક મૂક્તિરૂપ લક્ષ્યપ્રાપ્તિ તરફ પ્રગતિ સાધી શકીએ.

★ જીવનના બે માર્ગો છે - પ્રેયમાર્ગ અને શ્રેયમાર્ગ. પ્રેયમાર્ગ સંસારના ભૌતિક ભોગોની પ્રાપ્તિનો માર્ગ છે,

જ્યારે શ્રેયમાર્ગ પરમાત્માના અવિચળ દિવ્યસુખની પ્રાપ્તિનો માર્ગ છે. પ્રેયમાર્ગમાં અનંત પ્રકારના દુઃખો ને મનુષ્યજીવનની અસાર્થકતા રહેલી છે, જ્યારે શ્રેયમાર્ગમાં શાશ્વત સુખ-શાંતિ ને પરમાનંદની ઉપલબ્ધિ તથા જીવનની સાર્થકતા સમાયેલી છે. સાધકે શ્રેયમાર્ગે આત્યંતિક મોક્ષ પ્રાપ્તિનું લક્ષ્ય બનાવી તેમાં એકાગ્ર ને સ્થિર થવા પ્રયત્ન કરવો જોઈએ.

★ પ્રભુપ્રાપ્તિનું લક્ષ્ય અહીંતહીંથી એકઠું કરેલું અધકચરું જ્ઞાન અને તેને લગતું થોડું ચિંતન-મનન કરવાથી સિદ્ધ થતું નથી. તેને માટે વર્ષો સુધી સંપૂર્ણ જાગૃતિ (total awareness) સાથે આત્મનિરીક્ષણ દ્વારા પોતાની જાતને કસતા રહી અસ્ખલિત પુરુષાર્થ કરવો પડે છે.

★ ઘણી વ્યક્તિ કેવળ ભાવુકતાથી દોરવાઈ જઈ મુક્તદશા પ્રાપ્ત કરવાનું ધ્યેય બનાવી લે છે, પરંતુ તે લક્ષ્યને અનુભૂતિ દ્વારા કસ્યા વગર, શું બાધક છે ને શું સાધક છે તેનો નિર્ણય કર્યા વગર, પોતાની મર્યાદાઓને ને સામર્થ્યને જાણ્યા વગર નિર્ણય કરે છે. એવો નિર્ણય દીર્ઘકાળ પર્યંત ટકી શકતો નથી. 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીની એ ઉક્તિ અનુસાર ગમે તે ક્ષણે સાંસારિક પ્રલોભનોમાં તે તણાઈ જાય છે.

★ પ્રભુપ્રાપ્તિનો ધ્યેય નક્કી કર્યો, તે સંબંધી પર્યાપ્ત વિચાર

કરી અમુક નિર્ણયો પણ લઈ લીધા, તેમ છતાં પણ વ્યક્તિને સ્વનિરીક્ષણ કરતાં પોતાનામાં કંઈક છીદ્રો જોવા મળશે. સુક્ષ્મ રીતે નિરીક્ષણ કરતા રહેવાથી વધુ ને વધુ છીદ્રો - દોષોનું ભાન થશે. તે દોષો પ્રત્યે સભાન થવાથી તે ઉપર વિજય મેળવવાની તીવ્ર ઉત્કંઠા જાગશે. એમ ને એમ આંતરિક સંઘર્ષ કરતા રહેવાથી પ્રભુપ્રાપ્તિનું ધ્યેય જ પ્રિય લાગશે અને તેમાં જ શાશ્વત સુખ-શાંતિ રહેલાં છે. એવું પ્રતિત થશે. એ ધ્યેય સિવાયની બીજી બધી વાતો કષ્ટદાયી, દુ:ખદાયી ને ગૌણ જણાશે ત્યારે જ વિવેકની દૃઢતા થઈ ગણાશે.

★ જે વ્યક્તિ સત્પુરુષોનું લક્ષ્ય અને આજના ભૌતિકવાદી લૌકિક વ્યક્તિના પરભાવની દૃષ્ટિએ તુચ્છ એવા લક્ષ્ય વચ્ચેનો ભેદ નથી જાણતી તે દીર્ઘકાળ પર્યંત સંસૃતિમાં (જન્મ-મરણરૂપ ફેરામાં) ભટક્યા કરે છે.

★ પ્રભુપ્રાપ્તિને મુખ્ય ધ્યેય બનાવવાથી પંચવર્તમાનના યથાર્થ પાલનમાં અને યમ-નિયમમાં અતિદૃઢ શ્રદ્ધા અને પ્રભુના સ્વરૂપમાં પરાપ્રેમનો, અનન્ય ભક્તિનો ઉદય થાય છે.

★ પ્રભુને જ મુખ્ય ધ્યેય બનાવી તેની પ્રાપ્તિને માર્ગે તે જ ચાલી શકે છે કે જે નિત્ય ત્રિકાલાબાધિત (ત્રણેય કાળમાં ફરે નહિ તેવું) સત્યનું જ અનુસરણ કરવા તત્પર રહે છે.

★ પ્રભુપ્રાપ્તિને મુખ્ય ધ્યેય બનાવનાર સાધકની પ્રભુ દરેક પ્રકારે સહાય કરે છે, રક્ષા કરે છે તેમ જ તેના યોગક્ષેમનું વહન પણ કરે છે.

★ પ્રભુપ્રાપ્તિ એ જ જીવનનું ધ્યેય છે એમ નિશ્ચિત થયા પછી સાધકની સામે અનેક મત-મતાંતરો, ધર્મ-સંપ્રદાયો, ગુરુઓ, ઉપદેશકો, શાસ્ત્રો વગેરે આવે છે. ધર્મગુરુઓમાં પણ મોટાભાગના અધ્યાત્મની અનુભૂતિ વગરના, જડતાયુક્ત, સ્વાર્થપરાયણ, દંભી અને સ્થાપિત હિતવાળા હોય છે. સાધક માટે ક્યો ધર્મ, કયો મત, કઈ ઉપાસના ગ્રહણ કરવી, કોને ગુરુ કરવા વગેરે એક મોટા પડકારરૂપ છે. આવે વખતે પોતાના અંતરમાં સર્વોપરી, સર્વવ્યાપી, સર્વજ્ઞ, સર્વશકિતમાન એવા પરમાત્માને શ્રદ્ધાપૂર્વક, હૃદયથી પ્રાર્થના કર્યા કરતા રહેવાથી ઉપરની બધી બાબત માટે સાચું માર્ગદર્શન મળે છે ને પ્રભુ તેને સાચા ગુરુ પણ મેળવી આપે છે. ગુરુની શોધમાં પણ અંધશ્રદ્ધા ન રાખતાં પોતાની વિવેકશક્તિનો ઉપયોગ કરી તપાસતાં રહેવું કે ગુરુમાં પ્રભુના કલ્યાણકારી ગુણો છે? તેમને સાક્ષાત્કારની અનુભૂતિ છે? કે કેવળ દંભ જ છે? આવું તપાસતાં રહેવાથી સાચા ગુરુની પરખ થાય છે, સાચા ગુરુ મળ્યા પછી જ પરમાત્માનું જ્ઞાન, ઉપાસના, ધર્મ વગેરે સ્પષ્ટ થાય છે, પછી સાધનાપથ મોકળો બને છે.

# મુમુક્ષત્વ જાગૃતિ

★ સહનશીલ, સુખ-દુઃખાદિ દ્વંદ્વોમાં સ્થિતપ્રજ્ઞ, સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય વગેરે મહાવ્રતોનું નિષ્ઠાપૂર્વક પાલન કરનાર જિજ્ઞાસુ મુમુક્ષુ વ્યક્તિ જ પ્રભુપ્રાપ્તિના માર્ગે પ્રગતિ સાધી શકે છે. અન્યને માટે આ માર્ગ અતિ દુષ્કર છે.

★ આધ્યાત્મિક પ્રગતિ માટે સાધકે પોતાની અનેક પ્રકારની માન્યતાઓ, ગ્રંથિઓ અને ઠરાવોને સત્પુરુષના જોગ દ્વારા તેમજ અંતર્દૃષ્ટિ દ્વારા એક એક કરીને ઓળખવાં પડે છે. વિવિધ માન્યતાઓને અનુભવની એરણ ઉપર કસવી પડે છે. ત્યારે જ ખોટી અને ભૂલ ભરેલી માન્યતાઓ - ગ્રંથિઓ શિથિલ થાય છે, જડતા દૂર થાય છે અને સાચા જ્ઞાનમાં મતિ સ્થિર બને છે.

★ સ્થૂળ બુદ્ધિથી સૂક્ષ્મ બુદ્ધિ, કનિષ્ઠ, પ્રકારના આચરણથી સત્પુરુષે સમજાવેલા પંચવર્તમાનના* વિશદ્ અર્થ સહિતના ઉત્કૃષ્ટ આચરણ તથા પરમાત્માના દિવ્યસ્વરૂપ સંબંધી જ્ઞાન, કર્મ ને ઉપાસનામાં નિરંતર ગતિ થતી જવાથી સાધક ક્રમશઃ ધ્યેય પ્રાપ્તિ

---

* પંચવર્તમાનના વિશદ્ અર્થ આ જ સંસ્થા દ્વારા પ્રકાશિત 'સમગ્ર જીવનનો યોગ' પુસ્તકમાંથી જાણવા.

તરફ આગળ વધે છે.

★ ભગવાન સ્વામિનારાયણે 'વચનામૃત'માં કહ્યા પ્રમાણે સદાય ભૌતિક શરીરની અંતઅવસ્થા – મૃત્યુ જોનાર વ્યક્તિ સાંસારિક બંધનોમાંથી મુક્તિ તરફ, પ્રભુપ્રાપ્તિ એવા પરિણામસ્વરૂપ લક્ષ્ય તરફ ત્વરિત ગતિથી પ્રગતિ સાધે છે.

★ ચિત્તમાં કામાદિ વિકારો ન ઉદ્ભવવા દેવાનો એક ઉત્તમ ઉપાય એ પણ છે કે પોતાની જાતને હંમેશા પ્રભુપ્રસન્નતારૂપ માનવકલ્યાણકારી સેવા કાર્યોમાં વ્યસ્ત રાખવી અને સાથે સાથે પ્રભુપ્રાપ્તિના મહાન ધ્યેયની પરિપૂર્તિ માટે સદાય પ્રયત્નશીલ રહેવું.

★ વ્યક્તિનું અંતઃકરણ દિવસ દરમ્યાન અનેક વખત શુદ્ધ ને અશુદ્ધ થયા કરે છે. એક જ વ્યક્તિ સવારે દેવ તુલ્ય હોય તો સાંજે શયતાન પણ હોઈ શકે છે! વિપરિત જ્ઞાન ને ક્રિયાઓથી મોહવશ થઈ વ્યક્તિ અશુદ્ધ બને છે - ને સાચાં જ્ઞાન, કર્મ ને ઉપાસનાથી તે શુદ્ધ બને છે. માટે સાધકે આ બાબત લક્ષ્યમાં રાખી સદાય જાણપણું રાખી પોતાની જાતને તપાસતાં ને સુધારતાં રહેવું જોઈએ. આ પ્રક્રિયાને અવિરત ચાલુ રાખવાથી તે પોતાના ધ્યેય સુધી નિશ્ચિતપણે પહોંચી શકે છે.

★ જીવનની સાર્થકતા માટે સાધકે અતિ સાવધાન રહેવું આવશ્યક છે, જેમ કે મારે માટે શું જોવું યોગ્ય છે ને શું

જોવું અયોગ્ય છે. શું સાંભળવું યોગ્ય છે ને શું સાંભળવું અયોગ્ય છે. શું ખાવું યોગ્ય છે ને શું ખાવું અયોગ્ય છે. શું બોલવું યોગ્ય છે ને શું બોલવું અયોગ્ય છે. શું જાણવું યોગ્ય છે ને શું જાણવું અયોગ્ય છે. આ રીતે વિવેકપૂર્વક જાગૃતિ રાખી ઇંદ્રિયોના આહાર શુદ્ધ રાખવાથી અંતઃકરણ વિશુદ્ધ બને છે. એવું અંતઃકરણ જ પ્રભુના સ્વરૂપમાં એકાગ્રતા માટે યોગ્ય બની શકે છે.

* આ જગતમાં અનેક પ્રકારની ચિત્ર-વિચિત્ર ઘટનાઓ હંમેશા ઘટતી જ રહે છે. તેનો વ્યક્તિ ઉપર સારો-નરસો પ્રભાવ પડે છે, પરંતુ સાધકે સતત સજાગ રહી એ જોતા રહેવાની જરૂર છે કે તે ઘટનાઓનો પોતાની ઉપર શું પ્રભાવ પડી રહ્યો છે; મારા પ્રભુપ્રાપ્તિ સંબંધી લક્ષ્યમાં ક્યાંય શિથિલતા તો નથી આવતીને? સંજોગવશાત્ કોઈક ઘટનાનો અંતઃકરણ પર દુષ્પ્રભાવ પડી જાય તો તુરત જ તેને દૂર કરવા પ્રયત્ન કરવો ને તે દૂર ન થાય ત્યાં સુધી ખંતપૂર્વક પ્રયત્ન ચાલુ રાખવો એ સાધકનું કર્તવ્ય છે.
* સાધકને પરમાત્માનો સાક્ષાત્કાર થઈ સિદ્ધ મુક્તદશા ઉપલબ્ધ ન થાય ત્યાં સુધી મુક્તપુરુષ એવા સદ્ગુરુનું નિર્દેશન અને તેમની આજ્ઞાનું યથાર્થ પાલન અત્યંત આવશ્યક છે, અન્યથા પોતાના ધ્યેયથી વિચલિત થઈ પતન તરફ દોરવાઈ જવાની પૂરી સંભાવના રહે છે.

★ પ્રારંભિક સ્થિતિમાં સાધક વિચારે છે કે આ સંસારના સુખોને, ભોગોને હું ત્યજી દઈશ તો મારી પાસે શું રહેશે? એક બાજુ સાંસારિક સુખો ત્યજી દીધા, પણ પરમાત્માનું સુખ મળવાનું તો હજુ શરૂ પણ નથી થયું, તો મારી પાસે કંઈ નહિ બચે, હું ખાલી થઈ જઈશ! આવો નિર્માલ્ય વિચાર ઉદ્ભવે ત્યારે એમ વિચારવું કે ભૌતિક સુખોનું પ્રલોભન કે તેની આસક્તિ છૂટી જતાં વાસનાના ક્ષયરૂપ આનંદની પ્રાપ્તિ થાય છે ને ચિત્તમાં સાત્ત્વિક પ્રસન્નતા નિષ્પન્ન થાય છે, જે કોઈ પણ સાંસારિક મોટામાં મોટા સુખ કરતાં ઘણી વિશેષ છે.

★ નવો સાધક પ્રારંભમાં સત્સંગ સેવારૂપ કાર્ય ભલે ઓછું કરે, પરંતુ તે કરે જરૂર. કારણ કે પ્રભુપ્રાપ્તિને માર્ગે નિષ્કામભાવે ને નિઃસ્વાર્થપણે કરેલું કલ્યાણકારી કાર્ય અત્યંત ઉપયોગી નિવડે છે. તેવા કાર્યથી પૂર્વકર્મના સંસ્કારો ઘસાય છે ને સાત્ત્વિકભાવ ઉદય થાય છે, જે પ્રભુના સ્વરૂપમાં જોડાવાની ભૂમિકા તૈયાર કરે છે.

★ પ્રભુની પ્રસન્નતારૂપ કલ્યાણકારી સેવાકાર્યો કર્યા વગર કોઈ સાચો સાધક બની શકતું નથી. જેવી રીતે પ્રભુ અકારણ કૃપા કરીને આપણને સત્યજ્ઞાન, ઉપાસના, ભક્તિ વગેરે પ્રદાન કરી ઉપકૃત કરે છે, તેવી રીતે આપણી પણ બીજાના કલ્યાણ ને અભ્યુદય માટે નિષ્કામ પરોપકારી પ્રવૃત્તિ કરવાની પવિત્ર ફરજ બને છે. તે

દ્વારા જગતમાં પ્રભુના સ્વરૂપના સત્યજ્ઞાન ને ઉપાસનાની રક્ષા થાય છે, તેથી સાધક પર પ્રભુની પ્રસન્નતા ને કૃપા ઉતરે છે.

* પોતાની ફરજોને ભૂલી જવી, કાર્યમાં શિથિલ બનવું, કાર્યની પ્રમાદને લઈને ઉપેક્ષા કરવી, નાની ભૂલોને ગંભીરતાથી લક્ષ્યમાં ન લેવી વગેરે પ્રકારનું મનોવલણ સાધકની બેજવાબદારી, શુષ્કતા ને પ્રમાદ સૂચવે છે, જે સાધનામાં બાધક નિવડે છે.
* જે સાધક પોતાની ફરજોનું ખૂબ જ ગંભીરતાથી નીતિયુક્ત રહી સારી રીતે પાલન કરે છે, શ્રદ્ધાથી કર્તવ્યને પ્રભુએ સોંપેલું છે તેમ માની નિષ્ઠાપૂર્વક બજાવે છે તે લૌકિક દૃષ્ટિથી તો સફળતા પ્રાપ્ત કરે જ છે, પણ સાથે સાથે આધ્યાત્મિક માર્ગે પણ સફળતા ને ઉન્નતિ સાધે છે.
* જેવી રીતે વ્યક્તિ પોતાની ઉન્નતિ ને સફળતાને સર્વપ્રકારે ઇચ્છે છે, ક્યારેય અવનતિ ને નિષ્ફળતાને ઇચ્છતો જ નથી, તેવું અન્યને માટે પણ ઇચ્છે તથા તેમાં સહાયરૂપ થાય તો ધીરે ધીરે રાગ-દ્વેષથી રહિત થઈ પ્રગતિ સાધે છે.
* સાધકનો લૌકિક વ્યવહાર પણ સારો ને નીતિપૂર્ણ હોવો આવશ્યક છે. તેથી સાધનામાં લૌકિક-વ્યાવહારિક વિક્ષેપો ઓછા નડે છે ને કેટલીક જરૂરી વ્યાવહારિક

સહાય પણ મળી રહે છે, જે સાધનદશામાં અપેક્ષિત છે.

* સાધના કરતાં કરતાં જે અનુભવો ને ઉપલબ્ધિઓ થઈ હોય તેની સ્મૃતિ રાખવી જરૂરી છે. એ સાધનાની શિથિલતામાં અને નિરાશાની ક્ષણોમાં નવો પ્રાણ પૂરવા, નવી આશા અને ઊર્જાનો સંચાર કરવામાં ઉપયોગી બની રહે છે.
* જે સાધક દેહ સંબંધી ભૌતિક પદાર્થો તથા લૌકિક સંબંધો પ્રત્યેની આસક્તિને પૂર્વતૈયારી કરીને મનમાંથી એક વખત પણ દૂર નથી કરી શકતો તેની આગળની પ્રગતિ અવરોધાય છે. વારંવાર સાંખ્યજ્ઞાન કરી પ્રયત્નપૂર્વક તે આસક્તિ દૂર કરવી જોઈએ. તેમ સતત કરતાં રહેવાથી દૃઢતા આવે છે ને અંતતઃ તેમાં જીત મળે છે.
* કોઈ પણ દુર્ગુણને ત્યાગવાનો ને સદ્‌ગુણને ગ્રહણ કરવાના પ્રયત્નમાં અસંખ્યવાર નિષ્ફળતા મળવા છતાં પણ નિરાશ કે હતાશ થયા વગર ખંતપૂર્વક પ્રયત્ન કરનારને સફળતા નિશ્ચિતરૂપે આવી મળે છે.
* પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ સિવાયની બીજી બધી લૌકિક કે અલૌકિક, ભૌતિક કે અધિભૌતિક પ્રાપ્તિની ઇચ્છામાત્ર ન રહે ત્યારે સાચું મુમુક્ષત્વ જાગૃત થાય છે.

# વૈરાગ્ય-વિવેક

* જ્યાં સુધી સમજણપૂર્વકનો યથાર્થ વૈરાગ્ય ઉત્પન્ન નથી થતો. ત્યાં સુધી પ્રભુના સ્વરૂપમાં ચિત્તની વૃત્તિનો નિરોધ પણ શક્ય નથી બનતો.
* અનેક પ્રકારની સાંસારિક-વ્યાવહારિક વિટંબણા ને પ્રતિકૂળતાઓમાં વખતો વખત હતાશા કે ખિન્નતા થયા કરે તો તેવો ભાવ નકારાત્મક હોવાથી વૈરાગ્ય સિદ્ધ થવામાં બાધક બને છે.
* વૈરાગ્યની સિદ્ધિ અર્થે આત્મા-અનાત્માના જ્ઞાનરૂપ એવું સાંખ્યજ્ઞાન તથા પ્રભુના સ્વરૂપનો જ એક તીવ્ર આલોચ અત્યંત આવશ્યક છે.
* પરમાત્માના સ્વરૂપ સિવાય બીજે અણુમાત્ર પણ આસક્તિ ન રહે એ વૈરાગ્યનો અવધિ છે.
* સઘળા સંસારનો ત્યાગ કર્યો હોય, પરંતુ અંતરમાં તીવ્ર વૈરાગ્યની દૃઢતા ન હોય તો સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના કથન 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' અનુસાર એવો ત્યાગી જ્યાં પણ જશે ત્યાં સંસારની રચના ઊભી કરશે અને તેમાં બંધાઈ જશે.
* વારંવાર વ્યંગાત્મક વાણીનો પ્રયોગ અને ઠઠ્ઠામશ્કરી સાધકને વૈરાગ્યની સિદ્ધિ માટે હાનિકારક છે.
* પરમાત્મા સંબંધી રહસ્યજ્ઞાનમાં નિરંતર ગંભીર ચિંતન-

મનન અને નિદિધ્યાસ વૈરાગ્ય ઉત્પન્ન થવાનો હેતુ છે.

★ સત્-અસત્‌નો વિવેક અને પ્રભુ સિવાયની બીજે ક્યાંય પણ રહેલી આસક્તિ દૂર કરવાનો અમોઘ ઉપાય પૂર્ણ મુક્તસ્થિતિવાળા સત્પુરુષનો જોગ-સમાગમ ને સેવા છે.

★ સત્પુરુષના જોગ-સમાગમ ને સેવા દ્વારા જ આત્મનિરિક્ષણ, અંતર્દૃષ્ટિ ને પરમાત્માના સ્વરૂપ સંબંધી ગહન ચિંતન-મનન અને નિદિધ્યાસ કરવાની યોગ્યતા આવે છે.

★ સત્પુરુષના સેવા-સમાગમ દ્વારા તેમની કૃપા ઉતરે છે. તે કૃપા દ્વારા જ અધ્યાત્મજ્ઞાનના ગહન રહસ્યોનો તાગ મેળવવાની સૂક્ષ્મ બુદ્ધિનો ઉદય થાય છે.

★ ચિત્તવૃત્તિરૂપ ઊર્જા રાગ-દ્વેષ તથા અહંકારના સહયોગથી ભૌતિક પંચવિષયના રાગમાં ચોંટેલી રહે છે અથવા તો પરલોક સંબંધી ઐશ્વર્યો ને સુખોના રાગમાં રોકાયેલી રહે છે. તેમાંથી તે છૂટીને જ્યારે પરમાત્માના સ્વરૂપમાં ચોંટે છે તે જ સાચો વૈરાગ્ય છે.

★ ચિત્તની ઊર્જાને દમન દ્વારા નહિ, પરંતુ જાગૃતિપૂર્વકની ભીતરની સમજ ને સંયમ દ્વારા ભૌતિક વિષયોમાંથી પાછી વાળી પરમાત્મામાં જોડવી તે વૈરાગ્ય છે. અણસમજથી અજ્ઞાનપૂર્વક કઠોર તપ દ્વારા ઇંદ્રિય કે અંતઃકરણનું દમન કરવું તે વૈરાગ્ય નથી. તેવા અજ્ઞાનપૂર્વકના દમનથી તો શારીરિક ને માનસિક

શક્તિઓ ક્ષીણ થાય છે ને ચિત્તવૃત્તિઓ બમણા વેગથી વિષયોમાં જોડાય છે.

* પરમાત્માના સમ્યક્ જ્ઞાન દ્વારા બુદ્ધિ નિર્મળ બને છે. એવી બુદ્ધિમાં આત્મા-પરમાત્માનો પ્રકાશ ઉતરે છે ત્યારે એ બુદ્ધિ પ્રકાશિત બને છે. તેને વિવેકશક્તિ (Analytical Power) કહેવામાં આવે છે. આવો વિવેક સાધક માટે જે કંઈ બાધક છે તેને દૂર કરવામાં સહાયરૂપ નિવડે છે.

## જ્ઞાન-અજ્ઞાન

- ★ શુભ-અશુભ, સારા-ખરાબ કાર્યોની પાછળ આપણું જ્ઞાન કે અજ્ઞાન ભાગ ભજવે છે. કર્મોની પ્રવૃત્તિ થવામાં જ્ઞાન-અજ્ઞાન કારણરૂપ છે. જ્ઞાનમાં ત્રુટિ કે દોષ આવે તો કર્મમાં પણ ત્રુટિ આવે છે, એટલું જ નહિ, પણ જ્ઞાનમાં ત્રુટિ-ક્ષતિ આવે તો નવું જ્ઞાન પ્રાપ્ત કરવામાં પણ ત્રુટિ આવી જાય છે.
- ★ સાચો વૈરાગ્ય અને પ્રભુના સ્વરૂપની શુદ્ધ ઉપાસના પ્રાપ્ત ન થવાનું મુખ્ય કારણ છે - જ્ઞાનમાં ત્રુટિ હોવી. આમ હોવાથી બુદ્ધિનો યોગ્ય વિકાસ થઈ શકતો નથી, તેથી આત્માની પ્રગતિ અવરોધાય છે.
- ★ સાચી દિશામાં વિચારવામાં દોષ હોવાથી વ્યક્તિ જીવનને સુખી બનાવવા ઇચ્છે, તો પણ તે જીવનને સુખી બનાવી શકતી નથી.
- ★ પોતાને અનુમાનથી થયેલા અથવા પ્રત્યક્ષ થયેલા જ્ઞાનની સત્પુરુષે આપેલા જ્ઞાન સાથે તુલના કરી ક્ષતિને સુધારતા રહેવાથી જ્ઞાનનો વિકાસ થાય છે ને તેમાં દૃઢતા આવે છે.
- ★ જ્યારે પોતાનો અનુભવ તથા જ્ઞાન અપૂરતા હોવાથી કામ આવે તેમ ન હોય અને સ્થિતિ ડામાડોળ થઈ રહી હોય, ત્યારે સાધકને સત્પુરુષના અમૂલ્ય શબ્દપ્રમાણો જ

સહાયક અને ઉપકારક નિવડે છે અને તે દ્વારા તે પોતાની જાતને વિપરિત પરિસ્થિતિમાં પણ બચાવી રાખી શકે છે.

- ✯ આત્મા-પરમાત્મા સંબંધી સત્યજ્ઞાનનો નિશ્ચય થઈ ગયો હોય તેમ લાગવા છતાં જાગૃત રહી તેની સતત રક્ષા કરતાં રહેવું જોઈએ. નહિતર પ્રતિકૂળ સંજોગોમાં તેમાં સંશય, શંકા કે મિથ્યાજ્ઞાન ઉદ્‌ભવી શકે છે.
- ✯ અજ્ઞાન-અવિદ્યા અને તેનું ઉપાદાન એવા ચિત્તમાં રહેલા સંસ્કારોને પૂર્ણરૂપે નિર્મૂળ કરવાથી જ વ્યક્તિ પરમાત્માનું પૂર્ણ સુખ ને શાશ્વત શાંતિનો અનુભવ કરી શકે છે. આવી સ્થિતિ પ્રભુના સ્વરૂપમાં નિર્વિકલ્પ સમાધિ થઈ સાક્ષાત્કાર થવાથી જ સંભવે છે.
- ✯ સાધક પોતાના આત્માનું પરમાત્માના સ્વરૂપ સાથે એકત્વના, સાધર્મ્યના દિવ્યભાવનું અખંડ સાતત્ય જાળવવાનો પ્રયત્ન ન કરે ને પ્રમાદ રાખે તો એ વાત સ્પષ્ટ છે કે તેમાં અજ્ઞાન હજુ બાકી છે. એવી અજ્ઞાનતાનો આત્યંતિક મોક્ષની પ્રાપ્તિમાં વિલંબરૂપ દંડ ભોગવવો પડે છે, માટે સાધકે તે બાબત સાવધ રહેવાની અત્યંત આવશ્યકતા છે.
- ✯ વાચ્યાર્થજ્ઞાન અનુભવજ્ઞાનરૂપી લક્ષ્યાર્થમાં ન પરિણમે ત્યાં સુધી તે અજ્ઞાન જ છે, કારણ કે તેવું જ્ઞાન સાક્ષાત્કાર

અનુભવના અભાવે કેવળ થોડી માહિતી જ છે.

* 'ऋते ज्ञानान मुक्तिः' જ્ઞાન વગર મુક્તિ નથી આ ઉક્તિમાં જ્ઞાનનો અર્થ અનુભવજ્ઞાન જ છે, વાચ્યાર્થજ્ઞાન નથી.

# સમ્યક્ દૃષ્ટિ

* ભવિષ્યમાં ગમે તેટલી સફળતા મળે, પરંતુ એ આશાએ વર્તમાનમાં પોતાના લક્ષ્ય ને કર્તવ્ય પ્રત્યે બેદરકાર રહેવું એ આળસ ને પ્રમાદ છે, તે લક્ષ્યસિદ્ધિમાં વિઘ્નરૂપ બને છે.
* આપણું કર્તવ્ય જગતની લૌકિક વ્યક્તિઓ સાથે સંબંધ બાંધી રાખવો એ નથી, પરંતુ સત્પુરુષ સાથે સંબંધ જોડી રાખવો તે છે. લૌકિક વ્યક્તિ સાથેનો સંબંધ લક્ષ્યથી વિચલિત કરે છે, જ્યારે સત્પુરુષ સાથેનો સંબંધ આત્યંતિક મોક્ષરૂપી લક્ષ્ય સિદ્ધ કરાવે છે.
* આપણા કાર્યો માટે જગત-સમાજ શું વિચારશે તેના કરતાં પ્રભુ શું વિચારશે તે જોવું વધુ અગત્યનું છે. જગતની દૃષ્ટિને સાચી માનવાથી શું લાભ થવાનો? જો પ્રભુની દૃષ્ટિમાં તે કાર્ય અયોગ્ય હોય તો!
* પરમાત્માની દૃષ્ટિમાં જે અયોગ્ય છે તે અયોગ્ય જ છે ને જે યોગ્ય છે તે જ યોગ્ય છે. યોગ્ય-અયોગ્યની કસોટી પ્રભુની દૃષ્ટિએ છે, નહિ કે જગતની દૃષ્ટિએ.
* કોઈ પણ કર્મ કરતાં પહેલાં તપાસવું કે આ કર્મ પ્રભુના ગમતામાં છે ? તેમની એમાં પ્રસન્નતા થાય તેવું છે ? જો એનો ઉત્તર 'હા' હોય તો તે કાર્ય કરવું ને 'ના' હોય તો તે કાર્ય કરવું નહિ.

★ જેવી રીતે સામાન્ય લૌકિક વ્યક્તિને સંસારના દુઃખો પ્રત્યે ઘૃણા અને અનિચ્છા ઉપજે છે. તેવી રીતે સાધકને ઇંદ્રિયોના પંચવિષય સંબંધી ભોગોને વિષે ઘૃણા અને અનિચ્છા ઉપજે છે. જે સાધક તેને પ્રથમથી જ દુઃખદાયી જાણીને તેને પ્રાપ્ત કરવા નથી ઇચ્છતો તે સફળ થાય છે.

★ સાધારણ સાધક એમ વિચારે છે કે 'હું પ્રભુપ્રાપ્તિને માર્ગે ચાલવા તો ઇચ્છું છું, પરંતુ મારામાં તેવું સામર્થ્ય નથી.' આ નકારાત્મક વિચાર કાયરતા લાવે છે. સાચા ખપવાળો સાધક ઓછું સામર્થ્ય ને મર્યાદાઓ હોવા છતાં હિંમત રાખી તે માર્ગે ચાલશે, સામર્થ્ય વધારવાની નિષ્ઠાપૂર્વક કોશિશ કરશે. એવા સાધકને પરમાત્મા તરફથી અવશ્ય સહાય મળી રહેશે.

★ સાચો સાધક આત્મપરીક્ષણની સાથે સાથે બીજાઓનું પરિક્ષણ પણ કરતો રહે છે અને તેની પોતાની સાથે તુલના કરે છે. તેમાં જે સદ્‌ગુણો જણાય તેનું ગ્રહણ કરે છે ને દોષો જણાય તે ત્યજી દે છે, પરંતુ તે પ્રત્યે દ્વેષભાવ રાખતો નથી.

★ કોઈ વ્યક્તિના કેટલાંક ગુણો જોઈને એના દોષોને ગુણ માની લેવાની ભૂલ ન કરવી જોઈએ, તેમ જ કોઈ વ્યક્તિના કેટલાક દોષોને જોઈને એના ગુણોને પણ દોષરૂપ માની લેવાની ભૂલ પણ ન કરવી જોઈએ. જે વ્યક્તિ ગુણ-દોષનું યથાર્થ પૃથક્કરણ નથી કરી શકતી તે

સફળ થઈ શકતી નથી.

★ અન્યની પાસેથી કંઈ પણ અપેક્ષા રાખતાં પહેલાં તેની યોગ્યતા, સામર્થ્ય ને મર્યાદાઓને ધ્યાનમાં લેવાં જરૂરી છે, નહિતર સમય ને શક્તિનો વ્યય થાય છે.

★ આધ્યાત્મિક સાધનાને કષ્ટરૂપ સમજવા કરતાં કર્તવ્ય સમજવાથી જ તેમાં સફળતા મળે છે.

★ પરમાત્માથી ડરીને સાધનાપથ પર ચાલવા કરતાં નિર્ભય બનીને સમજણ ને વિવેકપૂર્વક જાગૃત રહીને ચાલવું તે વધુ ઇચ્છનીય છે.

★ કેટલીક વ્યક્તિ સંજોગો અને ઘટનાઓને અભૂતપૂર્વ માની તેનાથી અત્યંત પ્રભાવિત થઈ જાય છે, પરંતુ તેનાથી પ્રભાવિત કે વિચલિત ન થનાર ને સ્થિતપ્રજ્ઞ રહેનાર જ સફળતા મેળવે છે.

★ પ્રત્યક્ષ અનુભવ કે પ્રમાણ વગર કોઈ પણ વ્યક્તિ વિશે મિથ્યા ધારણા બાંધવી તે માનસિક પાપ છે. જ્યાં સુધી તેનો અનુભવ ન થાય, ત્યાં સુધી કોઈ માન્યતા બાંધવી તે યોગ્ય નથી. પ્રમાણ કે અનુભવ વગર કોઈ પણ વ્યક્તિ માટે ખોટી ધારણા કરવાથી તે વ્યક્તિ પ્રત્યે દ્વેષ, અભાવ, અવગુણ, હીનતા, ઉપહાસ, અવજ્ઞા વગેરેની ભાવના ઉદ્ભવી શકે છે, તેનાથી સાધકને આધ્યાત્મિક પ્રગતિમાં વિક્ષેપ થાય છે.

★ મિથ્યા આક્ષેપો થયેલા હોય ત્યારે સાધકને પોતાનું

અપમાન થઈ રહ્યું છે તેમ માની પ્રતિકાર ન કરવો, કારણ કે સાધકે માન-અપમાનથી રહિત બનવાનું છે, પરંતુ પ્રતિકાર એટલા માટે કરવો જોઈએ કે તેમ ન કરવાથી અસત્યને પુષ્ટિ મળી જાય છે.

# કેટલાક સિદ્ધાંતો

★ શુદ્ધ જ્ઞાન, શુદ્ધ કર્મ ને શુદ્ધ ઉપાસના દ્વારા જ સાધક પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે, અન્યથા નહિ.

★ જગત સંબંધી સાંસારિક ભોગો તો અસંખ્ય લોકોને પ્રાપ્ત થાય છે, પરંતુ પરબ્રહ્મનું સાક્ષાત્કાર અનુભવજ્ઞાન ને તે સંબંધી શાશ્વત દિવ્ય સુખ-શાંતિ તો કોઈક વિરલ વ્યક્તિને જ ઉપલબ્ધ થઈ શકે છે.

★ નવા સાધકને પ્રારંભમાં એવી લાગણી થાય છે કે પ્રભુપ્રાપ્તિમાં સુખ-શાંતિ-આનંદ છે જ, પરંતુ લૌકિક પદાર્થોમાં તથા ભોગોમાં પણ સુખ ને આનંદ છે તો બન્નેને સાથે રાખીને ચાલવું જેથી તે બંનેમાં સફળતા મળે, પણ એવું થઈ શકતું નથી! સાધનાની પરિપક્વતા થાય ત્યારે એવી ભ્રાંતિ તૂટે છે.

★ શ્રેયમાર્ગે સાચો પ્રયત્ન કરનાર જ પ્રેયમાર્ગ (ભૌતિક ભોગોના માર્ગ) થી બચી શકે છે. શ્રેયમાર્ગની રૂચિમાં ને પ્રયત્નમાં શિથિલતા આવવાથી વ્યક્તિ શ્રેયમાર્ગ તરફથી પ્રેયમાર્ગ તરફ દોરવાઈ જાય છે.

★ જે સાધકમાં પરમાત્માના કલ્યાણકારી ગુણોને આત્મસાત્ કરવાના પુરુષાર્થનો અભાવ, ઇંદ્રિયોના આહારની શુદ્ધિનો તથા મનોનિગ્રહ અને અનુશાસનનો અભાવ છે તે ભૌતિકવાદની આંધી સામે ટક્કર નથી

લઈ શકતો અને પંચવિષયનો યોગ થતાં સાધના છોડી ભોગોમાં બંધાઈ જાય છે.

* જે લોકો એમ બોલે છે કે અમે મોક્ષની ઇચ્છા નથી કરતા, તેમનું કથન સત્યથી વેગળું છે. કારણ કે તેઓ પણ સાંસારિક દુ:ખો ને કષ્ટોમાંથી મુક્તિ તો ઇચ્છે જ છે!
* પ્રભુપ્રાપ્તિના ધ્યેયવાળી વ્યક્તિ જેવું નિષ્કામ કર્મ કરી શકશે, તેવું નિષ્કામ કર્મ આવા ઉત્કૃષ્ટ ધ્યેયથી રહિત એવો વૈજ્ઞાનિક પણ ક્યારેય નથી કરી શકતો.
* હજારો ભૌતિક વૈજ્ઞાનિકો ભેળા મળીને સમાજનો જેટલો ઉત્કર્ષ કરી શકે છે તેના કરતાં પરમાત્માના સાક્ષાત્કારવાળા એક સંત સમાજનો અનેકગણો અભ્યુદય કરી શકે છે.
* હાનિકારક, કષ્ટદાયી ને દુ:ખદાયી લાગતા પદાર્થો તથા સંબંધોને દૂર કરવાનો પ્રયાસ વ્યક્તિ હંમેશા કરતી રહે છે. જો તેવો પ્રયાસ જોવામાં ન આવે તો એ સ્પષ્ટ છે કે તે વ્યક્તિને હાનિકારક ને કષ્ટદાયી પદાર્થની કે સંબંધની સમજ જ નથી; એ વ્યક્તિ મોહવશ છે.
* અજ્ઞાનને લઈને થઈ જતા અધર્મ કરતાં ઉતાવળ ને અસાવધાનીને કારણે થઈ જતો અધર્મ પતન તરફ વધુ લઈ જાય છે ને તેના **કરતાં પણ સમજણપૂર્વક**, જાણી જોઈને કરાતો અધર્મ **તો અધ:પતન**ની સ્થિતિ માટે

નિશ્ચિતરૂપે જોખમી ને જવાબદાર છે.

★ સતત સત્કર્મો કરતા રહેવાથી દોષો દબાયેલા રહે છે. સત્કર્મો કરવાના છોડી દેવાથી દબાયેલા દોષો માથું ઊંચકીને આપણને દબાવવા પ્રયાસ કરશે. જેમ પરિશ્રમ કરતા રહેવાથી આળસ રહેતી નથી, પણ પરિશ્રમ છોડી દેવાથી તરત જ આળસ ઉત્પન્ન થાય છે, આવો એક નિયમ છે.

★ જે સાધક મૃત્યુના ભયથી રહિત છે તે જ મહાવ્રતોનું, નિયમોનું ને આજ્ઞાઓનું પાલન કરી પ્રભુપ્રાપ્તિને માર્ગે પ્રગતિ સાધી શકે છે. તેની પાછળ પ્રભુના સ્વરૂપની શુદ્ધ ઉપાસના, શુદ્ધ જ્ઞાન, શુદ્ધ વૈરાગ્ય ને શુદ્ધ કર્મ અપેક્ષિત છે.

★ પ્રભુ સામાન્યપણે તો બધાની સહાયતા કરતા રહે છે, ભલે કોઈ તેના નિયમોનું પાલન કરે કે ન કરે, પરંતુ જે વ્યક્તિ શ્રદ્ધાપૂર્વક અને નિષ્ઠાપૂર્વક પ્રભુની આજ્ઞાઓનું ને નિયમોનું પાલન કરે છે તેની ઉપર પોતાની કૃપા પ્રસન્નતા ઉતારીને તેની અનેક રીતે વિશિષ્ટપણે સહાય તેમ જ રક્ષા કરે છે, એ વાત નિશ્ચિત છે.

★ વ્યક્તિ સ્વયંની શક્તિ દ્વારા - સંતો, સત્શાસ્ત્રો, સાધના વગેરેની સહાયથી પોતાનો આત્મિક ઉત્કર્ષ સાધવા પ્રયત્ન કરી શકે છે, પરંતુ સ્વયં પરમાત્માની કે મુક્તપુરુષની કૃપા અને સહાય ઉપલબ્ધ થવાથી જે

ઉત્કર્ષ સધાય છે તેની તો વાત જ ન્યારી છે.

★ પ્રભુની સાથે સંબંધ જોડવાથી તેમની સહાયતા ને રક્ષા મળે છે તે એવી રીતે છે કે જેમ બાળકને શ્રેષ્ઠ ને યોગ્ય માતા-પિતા મળવાથી સહાય ને રક્ષા મળે છે, બાકી પ્રભુની સહાયતાના અભાવવાળી વ્યક્તિ તો અનાથ બાળકો જેવી છે કે જે સહાયતા માટે જ્યાં ત્યાં ભટકતી રહેતી હોય.

★ જે વ્યક્તિ સમજણ છતાં જગતસંબંધી પંચવિષયના ભોગોમાં મોહવશ થઈ આસક્ત થાય છે તેને પ્રભુની વિશેષ સહાયતા મળવી શક્ય નથી.

★ શુભ છતાં સકામ કર્મો કરનારા અશુભ કર્મોથી પૂર્ણ રીતે બચી શકતો નથી. અશુભ કર્મોથી પૂર્ણ રીતે બચવાનો ઉપાય માત્ર નિષ્કામપણું છે.

★ અડગ શ્રદ્ધા, વિશ્વાસ અને શુદ્ધ પ્રેમ વગર ન તો કોઈ પ્રકારનું સફળ આચરણ થઈ શકે છે ન તો કોઈ પ્રગતિ.

★ મનુષ્ય સ્વયં પોતે જ અનેક પ્રકારની સમસ્યાઓની જાળ ઊભી કરે છે ને મોહવશ થઈ તેમાં ફસાયેલો રહે છે.

★ રાગ-દ્વેષયુક્ત સ્થિતિમાં બુદ્ધિ અધ્યાત્મિક રહસ્યના ઊંડાણને સ્પર્શી શકતી નથી. રાગ-દ્વેષ રહિત શુદ્ધ બુદ્ધિ જ સૂક્ષ્મ હોવાથી આધ્યાત્મિક રહસ્યને ખરા અર્થમાં પામી શકવા સમર્થ બને છે.

★ સત્પુરુષની આજ્ઞાઓનું યથાર્થ પાલન થવાથી તેમની

કૃપા થાય છે. તે કૃપાથી શુદ્ધ બુદ્ધિનો ઉદય થાય છે તેથી આધ્યાત્મજ્ઞાનના રહસ્યો સરળતાથી સમજાય છે.

☆ સમાજ ઉપર સૌથી મોટો પરોપકાર એ જ છે કે પ્રભુએ, સત્પુરુષોએ અને સત્શાસ્ત્રોએ બતાવેલા ઉચ્ચ આદર્શોને પ્રથમ પોતાના જીવનમાં ચરિતાર્થ કરી પછી તે પ્રમાણે જીવન જીવવાનો માર્ગ અન્યને દર્શાવવો. એના વગર સમાજનું પતન થતું અટકી શકે નહિ.

☆ વિષયભોગને મુખ્ય માનવાથી વ્યક્તિ માટે પાપ-પુણ્યની પરિભાષાનો કોઈ મતલબ રહેતો નથી અથવા તે મનસ્વી રીતે તેની વ્યાખ્યાં કરવા મંડી પડે છે. ને પોતે ગેરમાર્ગે દોરવાઈ ને અન્યને પણ ગેરમાર્ગે દોરે છે.

☆ સાચા સાધકો પોતાના ધ્યેય અને આદર્શોમાંથી ક્યારેય વિચલિત થતા નથી. તેમને માટે મૃત્યુ પણ ગૌણ બની જાય છે અને તે નિર્ભય બની જાય છે.

☆ હિતેચ્છુ અને નિર્ભય વ્યક્તિ જ અન્યને તેના દોષો બતાવી શકે છે. રાગ-દ્વેષથી ભયભીત તથા મહોબતીયા સ્વભાવની વ્યક્તિ અન્યને તેના દોષો પ્રત્યે સભાન નથી બનાવી શકતી.

☆ પ્રભુપ્રાપ્તિ માટે પુરુષાર્થ કરનાર સાધક પ્રભુપ્રાપ્તિમાં બાધક એવા સંબંધો કે પદાર્થ પ્રત્યે દ્વેષ કરે તો તેની પ્રગતિ અવરોધાય છે, માટે દ્વેષ ન કરતાં વિવેકપૂર્વક તેનો ત્યાગ કરવાનો માર્ગ કાઢવો આવશ્યક છે.

★ પોતાના ઇષ્ટદેવ પ્રત્યેની ઉપાસના અને શ્રદ્ધા શ્રેષ્ઠ જણાતી હોય તો પણ સાધકે બીજા ધર્મો કે મતો પ્રત્યે દ્વેષભાવ ન રાખતાં સહિષ્ણુ બનવું જોઈએ, નહિતર સાધનામાં વિક્ષેપ આવે છે. માટે સર્વધર્મ આદરની વિશાળ દૃષ્ટિ રાખવી, સાથે સાથે પોતાના ઇષ્ટદેવ પ્રત્યેની શ્રદ્ધામાં ને ઉપાસનામાં પણ સ્થિર અને દૃઢ બનવું જોઈએ.

★ જીવ, ઈશ્વર ને માયાના સ્વરૂપનું યથાર્થજ્ઞાન સત્પુરુષ પાસેથી ગ્રહણ કર્યા પછીનું સોપાન પુરુષાર્થ જ છે, પછી તેની ઉપર પ્રભુની કૃપા ઉતરે છે.

★ સત્પુરુષના આદેશોની અવગણના કરી પ્રભુકૃપા મેળવવાનો પ્રયત્ન તે આકાશકુસુમવત્ નિરર્થક ને અસંભવ છે.

★ ભગવાન સ્વામિનારાયણે આપેલાં દારૂ, માટી, ચોરી, અવેરી, વટલવું નહિ ને વટલાવવું નહિ. આ પંચવર્તમાનમાં યોગમાર્ગના યમ-નિયમ તથા સત્ય, અહિંસા વગેરે બધા ગુણોનો સમાવેશ થઈ જાય છે. આ પંચવર્તમાનમાં રહેલા સૂક્ષ્મ આધ્યાત્મિક અર્થોનું સત્પુરુષો પાસેથી રહસ્ય સમજી લઈ તેનું યથાર્થ પાલન કરી અંતર્વૃત્તિએ પ્રભુના સ્વરૂપમાં જોડાવું તે જ સર્વશ્રેષ્ઠ સાધના છે. અન્ય સાધનાઓ આની પાસે ગૌણ છે.

# દોષ

★ કામ, ક્રોધ, લોભ, મોહ વગેરે આંતરિક દોષો તો જેની ઉપર ભગવાન કૃપા કરે તેના જ ટળે એમ માની તેને ટાળવા વિધેયાત્મક પુરુષપ્રયત્ન ન કરે અને એવી હિંમત રહિત વાત અન્યને પણ કરે તે પોતાની જાતને તથા અન્યને પણ અન્યાય કરે છે. ભગવાન સ્વામિનારાયણે એવી હિંમત રહિત વાત કરનારને સત્સંગમાં કુસંગ સમ ગણેલો છે.

★ આંતરદોષો તો સર્વમાં સહજપણે હોય જ છે એમ માની તેની સાથે (દોષ સાથે) સમજૂતી - સમાધાન કરે તો તે દોષને ક્યારેય જીતી શકે નહિ.

★ દોષો હોવા છતાં લોકૈષણા માટે પોતે નિર્દોષ ને સર્વગુણસંપન્ન છે તેવો દંભ-દેખાવ કર્યા કરે તો સાધક પતનને અવશ્ય નોતરે છે.

★ બધામાં દોષ જ ભર્યાં છે તેવી સંકૂચિત દૃષ્ટિવાળી વ્યક્તિ બીજામાંથી દોષોને પડતા મૂકી એકલા ગુણોને ક્યારેય ગ્રહણ કરી શકતી નથી.

★ દેહાભિમાની વ્યક્તિને બધાની વચ્ચે તેના દોષ બતાવવામાં આવે તો તે પોતાની જાતને અપમાનિત થયેલી ગણીને દોષ દેખાડનાર પ્રત્યે દ્વેષ કરશે, જ્યારે સાચો સાધક તેવી પરિસ્થિતિમાં પોતાનામાં સુધાર

લાવવાનો પ્રયાસ કરશે.

★ સજ્જન વ્યક્તિની જેમ પ્રભુ પણ દિવ્યરૂપે સહાય કરી શકે છે તેવો વિશ્વાસ વ્યક્તિમાં ઘણી વખત ન હોવાથી તેની પ્રગતિ મંદ પડે છે.

★ જેને પોતાની ત્રુટિઓ ને દોષો પ્રત્યે દાઝ - અભાવ કે ખિન્નતા ઉત્પન્ન થતી નથી તે સુધરી શકતો નથી.

★ સત્પુરુષોએ પ્રભુપ્રાપ્તિ માટે બતાવેલા માર્ગ કરતાં હું ભૌતિક વિજ્ઞાનની મદદથી નવો, ટૂંકો, આગવો માર્ગ શોધી ત્વરિત રીતે સફળ થઈ જઈશ તેમ માની સત્પુરુષે બતાવેલ માર્ગની અવગણના કરી મનસ્વી સાધના કરનાર વધુ વિઘ્નો ને વિક્ષેપોમાં સપડાય છે ને અંતે તેવી સાધનામાં નિષ્ફળ જાય છે. કારણ કે સત્પુરુષે બતાવેલ માર્ગ અનુભવસિદ્ધ ને સત્ય હોય છે ને સાધકનો પોતાનો માર્ગ કલ્પિત ને મિથ્યા હોય છે.

★ જે વ્યક્તિ સ્વબચાવ માટે પોતાના દોષોનું સમર્થન કરવા લાગે છે તે પક્ષપાતી, જડ ને દુરાગ્રહી બની જાય છે.

★ અધુરી સ્થિતિમાં, ઓછી યોગ્યતામાં માન-સન્માનની અલ્પ ઇચ્છા પણ જો રહેલી હોય તો જ્યારે વધુ યોગ્યતા મળે છે, ત્યારે તે ઇચ્છા તીવ્રતા ધારણ કરે છે, જે સાધકને પ્રગતિમાં મોટી અડચણરૂપ બને છે.

★ વાચ્યાર્થજ્ઞાનને અનુભવનો વિષય બનાવી લક્ષ્યાર્થ ન બનાવે ત્યાં સુધી સાધકની એ દિશામાં કોઈ

પ્રગતિ શક્ય નથી.

★ મુખ્ય બાબત ને ગૌણ બાબતને જે સારી રીતે પારખી શકતો નથી તેના સમય ને શક્તિ વેડફાવાથી તે નિષ્ફળ નિવડે છે.

★ અતિ વિશ્વાસ (over confidence) ને અતિ આશામાં મિથ્યાભિમાન ન આવી જાય તેની કાળજી રાખવી. મિથ્યાભિમાનરૂપ દોષથી બચવા માટે બધું પ્રભુને અર્પણ કરવું. બધા ગુણો ને સામર્થ્ય પ્રભુનું જ છે, મારું કંઈ નથી, 'He is everything and I am nothing' તેમ દાસભાવ દૃઢ કરવો.

★ પુરુષાર્થ ને પરિશ્રમથી કાયર બનીને બચવા ઇચ્છનાર વ્યક્તિ સત્પુરુષે દર્શાવેલ માર્ગ પર ચાલી નથી શકતી અને જ્યાં છે, ત્યાં જ રહી જાય છે.

★ ઘણી વખત કઠોરવાણી ને ઉદ્ધત વર્તન કરવા છતાં વ્યક્તિ તે બાબત પ્રત્યે સભાન નથી હોતી તે મોટો દોષ છે. આ દોષ તેને માટે અનેક મુશ્કેલીઓ સર્જે છે.

★ આંતરદોષોને પરમાત્માના દિવ્યસ્વરૂપનો સાક્ષાત્કાર કર્યા વગર પૂર્ણ રીતે ક્યારેય નષ્ટ કરી શકાતા નથી.

★ પરમાત્મા સંબંધી આધ્યાત્મજ્ઞાનની વાતો આપણું આ લોકમાં કોઈ સ્વાર્થની પૂર્તિના પ્રયોજન પૂરતી જ સિમિત રહે અને પ્રયોજન પૂરું થતાં એ વાત ગૌણ બની જાય, તો તે સાધક માટે મોટો દોષ છે ને તેને

પ્રયત્નપૂર્વક દૂર કરવો જ રહ્યો.

★ કામ, ક્રોધ, લોભ, મોહ, માન વગેરે આંતરદોષો ઉપર વિજય મેળવ્યા પછી પણ જ્યાં સુધી આત્મામાં પ્રભુના સ્વરૂપનો સાક્ષાત્કાર નથી થયો, ત્યાં સુધી જો તેમાં ગાફેલપણું રાખે ને સાવધ ન રહે અને એમ માની બેસે કે 'હું તો પૂર્ણપણે નિર્લેપ છું. મને કંઈ નડી શકતું નથી.' આવી માન્યતા ભ્રમણા સિવાય બીજું કશું નથી. આ એક મોટો દોષ છે તેને જાગૃત રહી દૂર કરવો જ રહ્યો.

# કુસંસ્કારો

★ પૂર્વકર્મના સંસ્કાર વશાત્ કે સંજોગવશાત્ દોષમાં લેવાઈ જઈને જે કુસંસ્કાર ઘડાય છે તે અલ્પ અને નબળા બને છે, પરંતુ જાગૃત રહી, જાણી જોઈને ભોગોમાં સુખ ને આનંદ માનીને જે ભોગો ભોગવાય અને તેના કુસંસ્કારો બને છે તે અતિ દૃઢ બને છે ને તેને દૂર કરવામાં ઘણો પરિશ્રમ ને દીર્ઘકાળ લાગે છે.

★ કોઈ પણ ઉત્પન્ન થવાવાળી વસ્તુનો નાશ નિશ્ચિત છે. જે વસ્તુ બનાવી શકાય છે, તેનો નાશ પણ કરી શકાય છે. આ સિદ્ધાંત અનુસાર આપણે ઘડેલા કુસંસ્કારો આપણા પુરુષપ્રયત્નથી રોકી શકાય છે, દુર્બળ કરી શકાય છે. તેમ જ નષ્ટ પણ કરી શકાય છે.

★ જેવી રીતે વ્યક્તિ પોતાને આવેલ સાંસારિક-વ્યાવહારિક મુશ્કેલીઓ, દુઃખો, વિઘ્નો વગેરેને અનેક પ્રકારના ઉપાયે કરીને, પોતે કષ્ટ વેઠીને પણ તેને દૂર કરે છે તેવી રીતે સાધકે પણ કુસંસ્કારો સામે સંઘર્ષ કરીને પ્રયત્નપૂર્વક તેને દૂર કરવા પડે છે.

★ બાહ્ય દોષો કરતાં આંતરદોષોની ને કુસંસ્કારોની માત્રા અનેકગણી વધુ હોય છે. અનંત જન્મોના સૂક્ષ્મ સંસ્કારોને સમાધિ વગર જાણી પણ શકાતા નથી તો તેને દૂર કરવાની તો વાત જ દૂર રહી. પ્રભુના સ્વરૂપમાં

ચિત્તવૃત્તિની એકાગ્રતા દીર્ઘકાળ પર્યંત રહે ત્યારે સમાધિ થાય છે ને એવી સમાધિ વખતે અનંત જન્મોના સંસ્કારોનું ભાન થાય છે. એ સંસ્કારોને દૂર કરવા માટે પણ પ્રભુની ઉપાસના તથા ધ્યાનનો જ સહારો લેવો પડે છે. બીજો ઉપાય સત્પુરુષની કૃપા છે. સેવા દ્વારા સત્પુરુષ પ્રસન્ન થાય છે ને કૃપા ઉતારે છે તેથી અનેક જન્મના કુસંસ્કારો નષ્ટ થઈ સાધકનો ચૈતન્ય શુદ્ધ બને છે.

★ અંતર્દૃષ્ટિ, તપસ્યા, સંયમ ને પ્રભુના સ્વરૂપનું તથા મુક્તપુરુષના વચનોનું બળ હોય તેવો સાધક કુસંસ્કારોના ઉભરાથી તેની સામે લડાઈ લઈ તેને પરાસ્ત કરી શકે છે, જ્યારે તે રહિત વ્યક્તિ કુસંસ્કારોના ઉભરાવાની સાથે ભોગ તરફ આકર્ષાઈ જાય છે.

★ પ્રભુના સ્વરૂપ સાથે અખંડ સાતત્ય રાખી જોડાઈ રહેવાથી અનંત જન્મોના કુસંસ્કારો ક્ષીણ થતાં થતાં અંતે નાશ પામે છે.

★ યથાર્થ જ્ઞાન અને પ્રભુના બાંધેલ નિયમ-ધર્મો તથા સત્પુરુષોના સંગ ને વચનનું બળ કુસંસ્કારોને હટાવે છે અન્યથા પાપકર્મથી બચવું અતિ દુષ્કર છે.

★ જે સાધક એમ વિચારે કે અનંત જન્મોના કુસંસ્કારો શી રીતે દૂર થાય? એ કાર્ય તો ઘણું જ અઘરું છે, એ તો ધીમે ધીમે કાળે કરીને જશે ત્યારે જશે! તો આવું નકારાત્મક

વલણ ધરાવનાર સાધક પ્રયત્નમાં શિથિલ બની જઈ અંતે હતાશ અને નાસીપાસ થઈ મન સાથેની લડાઈમાં નિષ્ફળ જાય છે.

# આત્મનિરીક્ષણ

★ અતિશય મંદબુદ્ધિવાળા અને પશુતુલ્ય પ્રકૃતિના મનુષ્યને છોડીને બાકીના બધા મનુષ્યો જો સત્પુરુષોએ અને સત્શાસ્ત્રોએ કહેલા ઉપદેશોને સમજવાનો પ્રયત્ન કરે તો તેઓ આત્મનિરીક્ષણ દ્વારા સત્-અસત્ બધું જાણીને પોતાનો ઉત્કર્ષ સાધી શકે છે.

★ સાંસારિક વિષયભોગો સુખાભાસી હોવા છતાં પણ દુઃખરૂપ ને નાશવંત જ છે અને કેવળ પરમાત્માનું સ્વરૂપ જ શાશ્વત સુખ ને અવિચળ શાંતિનું કારણ છે, તેવું જ્ઞાન સાધકને આત્મનિરીક્ષણ દ્વારા થાય છે.

★ આત્મનિરિક્ષણ દ્વારા સાધક પોતાનું ધ્યેય નક્કી કરી તે પ્રત્યે સંપૂર્ણ જાગૃત રહી, આળસ-પ્રમાદમાં ન લેવાતાં સર્વશ્રેષ્ઠ લક્ષ્ય એવી પ્રભુપ્રાપ્તિને સિદ્ધ કરી શકે છે.

★ નિષ્ફળતા, કલેશ, પતન જેટલાં થાય છે તેનાં મૂળમાં કેવળ પોતાના અજ્ઞાન અને અવિદ્યા રહેલાં છે અને જેટલાં સુખ, શાંતિ, સફળતા, પ્રગતિ થાય છે તેનાં મૂળમાં જ્ઞાન રહેલું છે. આત્મનિરીક્ષણ દ્વારા વ્યક્તિ પોતે કઈ સ્થિતિમાં છે તે જાણી શકે છે ને અજ્ઞાન-અવિદ્યા દૂર કરી ઉચ્ચત્તર સ્થિતિમાં પ્રવેશી શકે છે.

★ સાધકે આત્મનિરીક્ષણ દ્વારા જાણવું જોઇએ કે તે દોષો ને ક્ષતિઓની સાથે સમજૂતી-સમાધાન (compromise)

તો નથી કરતોને? દોષો પ્રત્યે તો સાવધ રહી જરૂર પડે તો કડક વલણ અપનાવીને પણ તેને દૂર કરવાનો જ પ્રયત્ન કરવો જોઇએ. સાચો સાધક પોતાનામાં દોષો કે અવિદ્યાને બિલકુલ સહન કરી શકતો નથી.

* સાધકે આત્મનિરીક્ષણ દ્વારા જોતા રહેવું જોઈએ કે તે ધ્યાન-ભજન, સ્વાધ્યાય વગેરે પ્રભુપ્રસન્નતાના સાધનો પ્રસિદ્ધિની લાલસાથી કે કોઈ આડંબર કે લોકોને દેખાડવા માટે તો નથી કરતો ને ? એવી જાગૃતિની સાધકમાં જો ઊણપ હશે તો તે દંભને પોષશે ને ઉન્નતિને બદલે અવનતિ તરફ દોરવાઈ જશે.
* કેટલેક અંશે આધ્યાત્મિક અનુભૂતિઓ થવા છતાં સાધકે આત્મનિરીક્ષણ દ્વારા સતત એ જાગૃતિ રાખવી આવશ્યક છે કે એ પૂર્ણ થઈ ગયાની મિથ્યા ભ્રમણામાં કે માન્યતામાં તો નથી રાચતો ને?
* આત્મનિરીક્ષણ દ્વારા સાધકે તપાસતાં રહેવું જોઈએ કે પ્રભુના કલ્યાણકારી ગુણોને પોતે જીવનમાં કેટલા આત્મસાત્ કર્યા છે ને કેટલા દોષ કાઢવાના હજી બાકી છે. એમ તપાસતાં રહી ગુણોને આત્મસાત્ કરવા ને દોષોને દૂર કરવા સતત નિષ્ઠાપૂર્વકનો પ્રયત્ન કરવો જોઈએ.

# યોગ્ય - અયોગ્ય વ્યવહાર

* વ્યક્તિએ વિવેકદૃષ્ટિ રાખી જે વસ્તુ જેટલી લાભદાયી હોય તેને એટલું જ મહત્ત્વ આપવું જોઈએ. પરમાત્માનું સ્વરૂપ તો સર્વથી અધિક લાભપ્રદ છે, માટે તેને જીવનમાં સર્વોચ્ચ મહત્ત્વ આપવું જોઈએ અને તેની પ્રાપ્તિ માટે વિશેષ પુરુષાર્થ કરવો જોઈએ, આ યથાયોગ્ય વ્યવહાર કહેવાય.
* પરમાત્મા સાથે સમુચિત સંબંધ બાંધવા માટે તેમણે આપણા માટે નિર્માણ કરેલાં કર્તવ્યો નિષ્ઠાપૂર્વક કરવાં ને બીજાં અકર્તવ્યોને વિવેકપૂર્વક ત્યજવાં આવશ્યક છે.
* જે વ્યક્તિ નીતિ તથા ન્યાયબુદ્ધિ છોડી દે છે તે મનુષ્યત્વથી પણ દૂર થઈ જાય છે. પરમાત્મા તથા મુક્તપુરુષો બીજા બધાં કરતાં આપણું સર્વોચ્ચ હિત ઇચ્છે છે. એમના વચનનો અનાદર કરવો કે તેમણે બાંધેલ નિયમોનો ભંગ કરવો તે અન્યાયબુદ્ધિ, અધર્મપૂર્ણ, અયોગ્ય વ્યવહાર છે.
* પરમાત્મા તથા સત્પુરુષો સાથેનો ઉચિત વ્યવહાર મનુષ્યને માટે પરમ ધ્યેય પરિપૂર્ણ કરવાનો સચોટ ને નિશ્ચિત ઉપાય છે. યોગ્ય વ્યવહારથી સફળતા અને અયોગ્ય વ્યવહારથી નિષ્ફળતા નિશ્ચિતરૂપે મળે છે. પરમાત્મા સાથેનો સંબંધ સ્વામી-સેવકનો, ઉપાસ્ય-

ઉપાસકનો કે પિતા-પુત્રનો રાખવો સાધક માટે અતિ ઉપયોગી તેમ જ આવશ્યક પણ છે.

* આગળ કહ્યું તેવો સંબંધ પરમાત્મા સાથે કેવો ને કેટલો રહે છે તે આત્મનિરીક્ષણ દ્વારા સાધક જાણી શકે છે. જો સાધક તેવો પ્રબંધ પરમાત્મા સાથે રાખવામાં ઉણો ઊતરે તો તેનો પ્રભુ સાથેનો વ્યવહાર અયોગ્ય છે.
* પ્રભુની ઉપાસના, ધ્યાન, ભક્તિ વગેરે કરતાં કરતાં કંઈક ઉચ્ચગુણોની પ્રાપ્તિ થાય અને તેનું માન-સન્માન થાય, ત્યારે તે પ્રભુને ને સત્પુરુષને ગૌણ રાખી પોતાને મુખ્ય માને તો પ્રભુ પ્રત્યે અયોગ્ય વ્યવહાર ગણાય અને તેને પ્રભુપ્રાપ્તિ અલભ્ય બને.
* પરમાત્મા તથા સત્પુરુષનું કોઈ અજ્ઞાની કે દ્વેષી વ્યક્તિ અપમાન કરે , નિંદા કરે, ઘસાતું બોલે કે અવગુણ લે તેને દબાઈ જઈને નિર્માલ્યપણે સાંભળી રહે ને તેનો વિરોધ ન કરે તો પણ તે પ્રભુ સાથે ને સત્પુરુષ સાથે અયોગ્ય વ્યવહાર ગણાય. તેવા નિર્બળ ને ભીતિવાળા સાધકને માટે પ્રભુપ્રાપ્તિનો માર્ગ દુષ્કર છે.
* પ્રભુ તેમ જ સત્પુરુષની જેમાં પ્રસન્નતા અને રુચિ ન હોય તેવું કૃત્ય કદાચ વ્યાવહારિક કે દુન્યવી દૃષ્ટિએ ઉચિત હોય, તો પણ તેવું કૃત્ય કરવું તે અયોગ્ય વ્યવહાર છે, માટે જેમાં પ્રભુ તથા મુક્તપુરુષની પ્રસન્નતા હોય તેવું જ કૃત્ય કરવું.

* પ્રભુના સ્વરૂપમાં અંતર્વૃત્તિએ જોડાવાનો અભ્યાસ કરનાર સાધકનો દુન્યવી સંબંધો પરત્વેનો વ્યવહાર પણ યોગ્ય રીતે થશે. કારણ કે, પ્રભુકૃપાથી એવા સાધકની વાણી ને વર્તનમાં સચ્ચાઈ, નિખાલસતા ને માધુર્ય પ્રગટે છે.

## સુખ - દુઃખ

★ અનંત જન્મોથી જીવ સુખપ્રાપ્તિ માટે ભટકે છે ને મનુષ્ય જન્મમાં પણ બાળપણથી જ સુખ માટે વલખાં મારે છે, પણ સાચું સુખ, શાશ્વત સુખ શેમાં છે ને તે શી રીતે મેળવી શકાય તેની અધિકાંશ વર્ગને ખબર જ નથી, તેથી દુઃખોનો અંત આવતો નથી.

★ બધા સુખ અને સુખપ્રાપ્તિના સાધન - સગવડોને ઇચ્છે છે, પરંતુ પ્રેય ને શ્રેયનો ભેદ નહિ સમજવાથી કેટલાક ભૌતિકવાદી બની જાય છે ને તે ભેદને યથાર્થ સમજી શ્રેયનો માર્ગ ગ્રહણ કરે છે તે અધ્યાત્મવાદી બને છે.

★ સંસાર સંબંધી લૌકિક સુખને પણ તે જ વ્યક્તિ સારી રીતે ભોગવી શકે છે કે જે સંયમપૂર્વક ને શાસ્ત્રોની મર્યાદામાં રહીને ભોગવે છે. દા.ત. જે સ્વાદને કારણે વધુ પડતું ખાય છે તે રોગી બને છે ને જે સંયમપૂર્વક મિતાહાર કરે છે તે નિરોગી ને પુષ્ટ બને છે.

★ જે સાધક પરબ્રહ્મની પ્રાપ્તિ ઇચ્છે છે, મુક્ત થવા માંગે છે, તે પંચવિષયના સુખોને આસક્તિપૂર્વક ભોગવ્યા કરે તો ક્યારેય મુક્ત થઈ શકતો નથી.

★ પંચવિષયના ભોગોમાં પણ સુખ છે તેવી માન્યતા ધરાવનાર ક્યારેય પણ તે ભોગોની લાલસામાંથી છૂટી શકતો નથી.

★ એક ઇંદ્રિયનું સુખ લેવામાં રુચિ રાખનાર અન્ય ઇંદ્રિયોનું સુખ લેવામાંથી બચી શકતો નથી. એક ઇંદ્રિયને મોકળી મૂકે તો બધી ઇંદ્રિયો મોકળી થઈ જાય છે ને પોતપોતાના વિષયો પ્રત્યે આકર્ષાઈ જાય છે.

★ એક ઇંદ્રિયને સુખ લેવામાં આસક્ત કરવાથી બીજી ઇંદ્રિયોમાં પણ ઉત્તેજના ઉત્પન્ન થઈ જાય છે. જેમ કે નેત્રથી રૂપ જોયું તો સ્પર્શેન્દ્રિય પણ ઉત્તેજિત થશે. નેત્રથી મિષ્ટ ભોજન જોયું તો રસના ઇંદ્રિયમાં સ્વાદ ઉત્તેજિત થશે, તેની સુગંધ લેવા ઘ્રાણેન્દ્રિય ઉત્તેજિત થશે, તેને લેવા માટે હાથ પણ કાર્યરત થશે. મધુર અવાજ સાંભળવાથી તેનું રૂપ પણ જોવા માટેની ઇચ્છા જાગૃત થશે. માટે એક ઇંદ્રિય ઉપર સંપૂર્ણ નિયંત્રણ રાખવાથી ધીમે ધીમે અન્ય ઇંદ્રિયો પણ નિયંત્રણમાં આવી જાય છે. દા.ત. રસના ઇંદ્રિય જીતવાથી ક્રમશઃ બીજી ઇંદ્રિયો જિતાય જાય છે.

★ પંચવિષય સંબંધી ભોગોમાં પ્રથમ સુખ ભાસે છે ને તેના ઉપભોગ પછી અંતે તેમાં દુઃખ જ છે તેવું પ્રતિત થાય છે, જ્યારે પરમાત્મા સંબંધી સુખપ્રાપ્તિના માર્ગમાં પ્રથમ દુઃખ ને કષ્ટ જણાય છે, પરંતુ અંતે શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. પંચવિષયનું સુખ મૃગજળવત્ આભાસી અને નાશવંત છે, જ્યારે પરમાત્મા સંબંધી સુખ અનુભવજન્ય, અલૌકિક ને અવિચળ છે.

★ " ઇંદ્રિયોના ભોગોની વૃત્તિને નિયંત્રણમાં લાવી શકાય છે." આ વાત સંભવ છે તેમ તો અનેક વ્યક્તિ સ્વીકારે છે, પરંતુ 'આ ઇંદ્રિયોની વૃત્તિને હું ત્વરીતપણે જીતી લઈશ' એવી હકારાત્મક દૃઢ ભાવના તથા તેને અનુરૂપ પ્રયત્ન કોઈક વિરલ વ્યક્તિ જ કરે છે.

★ સત્પુરુષો ને સત્શાસ્ત્રો કહે છે કે વિષયભોગમાં ઝાંઝવાના જળ તુલ્ય સુખાભાસ માત્ર છે. એ સુખ નથી, દુઃખ જ છે. છતાં તેમાં લૌકિક મનુષ્યને સુખ મનાય છે. સત્પુરુષોની વાતમાં ને લૌકિક મનુષ્યની વાતમાં વિરોધાભાસ છે, ત્યારે હવે કરવું શું? તો સાધકે સત્પુરુષોના ને સત્શાસ્ત્રોના વચનમાં નિઃશંકપણે વિશ્વાસ ને શ્રદ્ધા રાખી તેમની વાત જ સ્વીકારી જીવનમાં ઉતારવી પડશે, અન્યથા તે સાધનામાં સફળ થઈ શકશે નહિ.

★ દુઃખોથી વ્યગ્ર થયેલી વ્યક્તિ એકાગ્રતાના અભાવે પ્રભુપ્રાપ્તિ તરફ આગળ વધી શકતી નથી. માટે સુખ-દુઃખમાં સ્થિતપ્રજ્ઞ થવા પ્રયત્ન કરવો અનિવાર્ય છે.

★ પુરુષાર્થ ને પરિશ્રમથી કષ્ટ થાય છે એવો વિચાર ભૂલ ભરેલો છે, કારણ કે પરિશ્રમ ને પુરુષાર્થ સુખપ્રાપ્તિના પ્રથમ સોપાન છે. પ્રભુની કૃપા-પ્રસન્નતા પણ પુરુષાર્થી ઉપર જ ઉતરે છે.

★ મન અને ઇંદ્રિયોને જીતવા માટે કરાતી તપસ્યા

પ્રભુપ્રાપ્તિના સાધન તરીકે સ્વીકારવામાં આવે તો તે કષ્ટમય ન લાગતાં આનંદપ્રદ લાગે છે, પરંતુ તેને પ્રભુ પ્રસન્નતાનું સાધન ગણવામાં ન આવે તો કષ્ટપ્રદ બની રહે છે.

★ ભૂતકાળના દુઃખોને વાગોળ્યા કરવાથી શાંતિનો અનુભવ કદી થતો નથી, ઉલટાનું નવા દુઃખો જન્મવાનું તે નિમિત્ત બને છે. માટે ભૂતકાળ ભૂલી પ્રભુની સ્મૃતિ સહ આનંદપૂર્વક વર્તમાનમાં જીવવું તે સુખ-શાંતિ પ્રાપ્ત કરવાનો સચોટ ઉપાય છે.

★ 'સૂરપુર, નરપુર, નાગપુર એ તીનમેં સુખ નાહીં, કાં સુખ હરિ કે ચરણમેં, કાં સંતન કે માંહી' એ પંક્તિ અનુસાર સાચું સુખ પ્રભુમાં ને સત્પુરુષમાં જ છે, પરંતુ તેવો પ્રત્યક્ષ જોગ ન હોય ત્યારે શું કરવું? તો એવો જોગ ન હોય ત્યારે અંતર્વૃત્તિએ પ્રભુના સ્વરૂપનો ને મુક્તપુરુષનો તેમની દિવ્ય સ્મૃતિ દ્વારા અખંડ જોગ કર્યા કરવો તે સુખ પ્રાપ્તિનો અમૂલ્ય ઉપાય છે.

# સત્ય - અસત્ય

★ મનથી માનેલી, મનસ્વી વાત જ ગ્રહણ કરવી તે માનવધર્મ નથી. સત્પુરુષના ને સત્શાસ્ત્રોના પ્રમાણરૂપ વચનો માની જીવનમાં ઉતારવાં એ સાચા અર્થમાં માનવધર્મ છે; એ જ સત્ય ને અસત્યના વિવેકનો અર્થ છે.

★ મનની ચંચળતા બંધ થઈ સ્થિરતા આવે ત્યારે જ સત્ય-અસત્ય, કર્તવ્ય-અકર્તવ્ય, ન્યાય-અન્યાય, નીતિ-અનીતિ, સાર-અસાર વગેરેનું ઠીક ઠીક ભાન થાય છે.

★ સાધકે પોતાના મનમાં એક ભાવના મક્કમપણે દૃઢ કરી રાખવી કે 'હું સત્યને જ ગ્રહણ કરીશ; અસત્યનો માર્ગ કદીયે અખત્યાર નહિ કરું.' આવી ભાવનાની દૃઢતાથી વ્યક્તિ ક્યારેય સત્યથી વિચલિત થતી નથી. જે વ્યક્તિ સત્યને ન ઇચ્છીને સ્વાર્થમય ભૌતિક સુખો અને સત્તાને વાંછે છે ને પોતાને જે સારું લાગે તે અધર્મપૂર્ણ, અન્યાયયુક્ત ને અસત્યપૂર્ણ હોય તો પણ તેને ગ્રહણ કરે છે તેની સાધના નિષ્ફળ નિવડે છે.

★ જે વ્યક્તિને કોઈ પણ પ્રકારનો ભય સતાવતો હશે તે વ્યક્તિ સંપૂર્ણપણે સત્યનિષ્ઠ નહિ બની શકે.

★ મૃત્યુના ભયથી પ્રાયઃ વ્યક્તિ સત્યને છોડી દઈ અસત્ય ગ્રહણ કરી પોતાનો લૂલો બચાવ કરવા પ્રયત્ન કરે છે,

પરંતુ એવા પ્રાણાન્તના ભય વખતે પણ નિર્ભય રહી કેવળ સત્યને જ ગ્રહણ કરે છે તે વિરલ છે અને પ્રભુકૃપાનું પાત્ર છે.

* માન-અપમાન, લાભ-હાનિ, પ્રિય-અપ્રિય, અનુકૂળ - પ્રતિકૂળ, સુખ-દુઃખ, હર્ષ-શોક વગેરે દ્વંદ્વોથી પ્રભાવિત થનાર વ્યક્તિ કેવળ સત્યને જ વળગી રહેવા સમર્થ નહિ બની શકે.
* સત્યનિષ્ઠ વ્યક્તિ મૃત્યુને હસતા હસતા સ્વીકારી લેશે, પરંતુ પ્રભુની ઉપાસના, નિષ્ઠા ને આજ્ઞાથી કદી વિચલિત નહિ થાય.
* સત્યનિષ્ઠ સાધક બીજાને જ્ઞાનોપદેશ કરતો રહે અને પોતાના જીવનમાં તે ઉપદેશને ચરિતાર્થ ન કરે તેવી સ્થિતિ તે હરગીઝ સહન નહિ કરે. તે પોતાના આચરણમાં ઉતારવાનો સતત પ્રયત્ન કરતો જ રહેશે, દંભ-દેખાવને જીવનમાં ક્યારેય સ્થાન નહિ આપે.
* જાગૃત વ્યક્તિ જ સત્યનું પાલન કરી શકે છે. અન્યથા મોહવશ વ્યક્તિ અજ્ઞાનપૂર્વક ઘણું ઘણું અસત્ય આચરે છે.
* જ્ઞાનપૂર્વક અસત્યનું આચરણ કર્યા પછી જે વ્યક્તિ પોતાનો દોષ સ્વીકારતી નથી અને તે દોષને છાવરવાનો મિથ્યા પ્રયત્ન કરે છે, વળી તે દોષને દૂર કરવામાં વિલંબ કરે છે તો તેમાં અસત્યના કુસંસ્કારોની વધુ ને

વધુ દૃઢતા થાય છે, જે તેને વધુ બંધનમાં નાંખે છે.

- વ્યક્તિમાં સત્ય આપમેળે ટકી રહેતું નથી, તેણે તેને પ્રયત્નપૂર્વક ટકાવી રાખવું પડે છે. પ્રભુમાં ને સત્પુરુષમાં અચલ શ્રદ્ધા સત્યને ટકાવવાનું પ્રેરક બળ પૂરું પાડે છે.
- પરમાત્મા દ્વારા નિર્મિત વ્યવસ્થામાં કેવળ સત્યની જ જીત થાય છે - 'સત્યમેવ જયતે', જ્યારે માનવ નિર્મિત વ્યવસ્થામાં અસત્ય અને અન્યાય સમાયેલાં છે તેમાં ક્યારેક તેની જીત થતી હોય તેવું પણ પ્રતિત થાય છે, પરંતુ અંતિમ હાર-જીતનો ફેંસલો પ્રભુના દરબારમાં થાય છે. અહીં જીતનો વિશદ્ અર્થ આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ છે અને હારનો અર્થ છે સાંસારિક અને જન્મ-મૃત્યુરૂપ સંસૃતિનું બંધન.
- સાંભળેલી કે જોયેલી કોઈક ઘટના અંગે કે કોઈ વ્યક્તિ અંગે વધુ પડતું કહેવું કે ઓછું કહેવું, વાસ્તવિકતા હોય તેનાથી અતિશયોક્તિ કરવી કે અલ્પોકિત કરવી અથવા વ્યંગાત્મક રીતે કહેવું અથવા ગોળગોળ અસ્પષ્ટ કહેવું આ બધા અસત્યના જ જુદા જુદા પ્રકારો છે. વાણીમાં રાગ-દ્વેષ, અહંકાર કે અસત્ય ભળે તો તે વ્યક્તિની વાણીને નિર્બળ ને નિર્વીર્ય બનાવે છે. માટે સાધક માટે એ અતિ આવશ્યક છે કે તે અસત્યનો આશરો ન લેતાં સત્યને જ ગ્રહણ કરે.
- કોઈ પ્રતિજ્ઞા કે નિયમ કે વ્રતપાલન માટે સંકલ્પ ઉદ્ભવે

અથવા કોઈકને કોઈ પ્રકારનું વચન આપ્યું હોય અને તેનું આળસ-પ્રમાદને લઈને આચરણ દ્વારા પાલન ન કરે તો તે દૈહિક અસત્ય છે. આવું દૈહિક અસત્ય આચરણ શારીરિક શક્તિનો હ્રાસ કરે છે ને મન તથા શરીરની સંવાદિતામાં ખામી ઉત્પન્ન કરે છે તેથી મનોબળ પણ તૂટી જાય છે. માટે જેણે સત્યાચરણ કરવું હોય તેમણે પોતાના ઇષ્ટદેવ પાસે કે સત્પુરુષ પાસે સત્યાચરણનો દૃઢ સંકલ્પ કરવો જોઈએ અને તે પ્રમાણે તેના પાલનમાં અડગપણે વળગી રહેવું જોઈએ. ઇષ્ટદેવ અથવા સત્પુરુષ પાસે કરેલો દૃઢ સંકલ્પ સત્યના પાલનમાં મજબૂત ટેકારૂપ બને છે ને સાથે સાથે રક્ષા કવચ પણ પૂરું પાડે છે.

* અન્યાય, અધર્મ, અનીતિ ને અસત્યનો જરૂર પડે સંઘર્ષ કરીને પણ પ્રતિકાર કરવો કે અસ્વીકાર કરવો એ પણ સત્યના આચરણનું એક મહત્ત્વનું અંગ છે. અન્યાય, અધર્મ ને અસત્યનું આચરણ જેમ અપરાધ છે, તેમ અસત્ય ને અન્યાય સામે ઝૂકી જવું કે તેને તાબે થઈ જવું તે પણ કાયરતાપૂર્ણ અપરાધ છે. અસત્ય ને અન્યાયની સામે શૂરવીર થઈ પ્રતિકાર કરવો તે પણ સત્યનું જ આચરણ છે.
* શબ્દનું પ્રમાણ ભૌતિક **વૈજ્ઞાનિક** તેમ જ પ્રબુદ્ધ-પ્રજ્ઞાવાન સત્પુરુષ એ બંને**નું સ્વીકાર્ય** ગણાય છે, પરંતુ

સત્યની માત્રા પૂર્ણરૂપે સત્પુરુષના શબ્દોમાં હોય છે, જ્યારે ભૌતિક વૈજ્ઞાનિક પોતાના કોઈક સ્વાર્થની પૂર્તિ માટે કે પક્ષપાતે કરીને અસત્યનું અવલંબન પણ લઈ શકે છે!

★ સત્ય એ ઈશ્વરનું જ રૂપ છે, પરંતુ જે વ્યક્તિ ઈશ્વરને પામવાના પ્રયત્નમાં પ્રમાદી છે, પણ સત્યમાં નિષ્ઠા ધરાવે છે ને સત્યપરાયણ જીવન જીવે છે તે અંતે જતાં નિશ્ચિતરૂપે ઈશ્વરને જ પામે છે.

★ પ્રભુ અથવા સત્પુરુષ જેને પ્રમાણ કરે છે તે જ સત્ય છે ને જેને પ્રમાણ નથી કરતા તે જ અસત્ય છે. કારણ કે આપણને જે સત્ય લાગતું હોય એ ખરેખર અસત્ય પણ હોય ને જે અસત્ય લાગતું હોય તે જ ખરેખર સત્ય હોઈ શકે છે માટે સત્ય-અસત્યનો અંતિમ નિર્ણય પરમાત્માના હાથમાં છે, તેનું કારણ પરમાત્મા જ સર્વજ્ઞાતા ને સ્વયં પૂર્ણ સત્ય છે.

# મનોનિગ્રહ

* મનનો નિગ્રહ, તેની ઉપરનું નિયંત્રણ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ એ સાધનચતુષ્ટય તથા સત્ય, અહિંસા, સંયમ, નિર્મળતા, નિર્ભયતા વગેરે પ્રભુના કલ્યાણકારી ગુણોની સિદ્ધિ માટે અતિ આવશ્યક છે.
* મનનો નિગ્રહ થતાં જ વિષયો તરફ દોડતી ઇંદ્રિયોની વૃત્તિઓ પોતપોતાના વિષયોમાંથી પાછી વળી, પ્રત્યાહાર પામી આત્મા-પરમાત્માના સ્વરૂપમાં સ્થિર થઈ શકે છે.
* એકાંતમાં મનોનિગ્રહ કરવા માટેની પૂર્વભૂમિકા એવી વૃત્તિઓની એકાગ્રતા સરળતાથી સિદ્ધ થઈ શકે છે, કારણ કે અન્ય પદાર્થોના આલંબનનો અભાવ હોય છે. તેમ છતાં સતત જાગૃતિ એકાંતમાં પણ આવશ્યક છે, અન્યથા એકાંતમાં પણ દોષો ઉદ્ભવે છે.
* જેને સાંસારિક ભોગોમાં ને સંબંધોમાં વધુ આસક્તિ છે તેને મનોનિગ્રહ કરવામાં અત્યંત સંઘર્ષ કરવો પડે છે. એને પરિણામે તેને થાક વધુ લાગે છે, તાણ પણ અનુભવાય છે તેથી મોટા ભાગે તે સાધના અધવચ્ચેથી જ છોડી દે છે, પરંતુ હિંમત હાર્યા સિવાય તે પ્રયત્ન ચાલુ રાખે તો પ્રભુ અને સત્પુરુષની પ્રસન્નતા થયે મનનું નિયંત્રણ-નિગ્રહ નિશ્ચિતરૂપે કરી શકે છે.

★ મનોનિગ્રહ વગર આત્મશુદ્ધિ, એકાગ્રતા, સ્વતંત્રતા, નિર્ભયતા, નિશ્ચિંતતા, ચિત્તની પ્રસન્નતા, આનંદ, શાંતિ વગેરે સંભવી શકતું નથી.

★ મનને ચૈતન્ય ન માની જડ માનવાથી અને પોતાના સ્વરૂપને ચૈતન્ય - આત્મારૂપ માનવાથી, મન વગેરે જડ પદાર્થોથી અત્યંત વિલક્ષણ માનવાથી મનની વૃત્તિઓ નિયંત્રણમાં આવતી જાય છે. આને માટે અંતર્દૃષ્ટિનો અસ્ખલિત અભ્યાસ અતિ આવશ્યક છે.

★ આધ્યાત્મિક સાધનામાં ત્વરિત ગતિથી વિકાસ સાધવો હશે તો સાધકે સાધનાની શરૂઆતથી જ મન, બુદ્ધિ, ચિત્ત વગેરે અંતઃકરણો તથા ઇંદ્રિયો ઉપરનું નિયંત્રણ લાદવાનું સત્પુરુષ પાસેથી યુક્તિ શીખી શરૂ કરી દેવું પડશે.

★ 'जीतं जगत केनः मनोही येनः' જેણે મનનો નિગ્રહ કરી મનને પરિપૂર્ણરૂપે જીતી લીધું છે તેને માટે આખું જગત જિતાયેલું છે. સમગ્ર વિશ્વ તથા પ્રકૃતિ તેના નિયંત્રણ હેઠળ આવી જાય છે.

# ઉપાસના

* ઉપ અર્થાત્ પાસે અને આસન અર્થાત્ બેસવું; પરમાત્માના અખંડ સાંનિધ્યમાં રહેવું. તેનો સર્વોચ્ચ અર્થ એ છે કે પરમાત્માના સ્વરૂપ સાથે સંપૂર્ણ ઐક્ય સાધી તદ્રૂપ બની એ દિવ્ય સ્વરૂપ સંબંધી અનિર્વાચ્ય પરમાનંદની, શાશ્વત સુખ-શાંતિની અખંડ અપોરાક્ષાનુભૂતિ (સાક્ષાત્કાર અનુભૂતિ) કરવી.
* મન પરમાત્માના ધ્યાન ને જ્ઞાનમાં સુસ્થિર ન થાય ત્યાં સુધી ઉપાસના પરિપક્વ બની શકતી નથી. ધ્યાન વખતે મનની વૃત્તિઓ વિષયોમાં અહીં તહીં ભટકતી રહે ત્યારે સાધકે સમજવું કે હજી ઉપાસનામાં કાચપ છે, કારણ કે પ્રભુ સિવાય બીજે વૃત્તિ ચોંટવાથી ઉપાસના ખરા અર્થમાં સિદ્ધ થઈ શકતી નથી.
* પંચવિષયના વિવિધ ભોગોમાં આસક્તિ છે ત્યાં સુધી પ્રભુમાં અનુરાગ ને પરાપ્રેમ નિષ્પન્ન થઈ શકતો નથી. જ્યાં સુધી બીજે બધેથી સમ્યક્ વૈરાગ્ય પામીને કેવળ પ્રભુમાં જ અનુરાગ ઉત્પન્ન નથી થતો, ત્યાં સુધી શુદ્ધ ઉપાસના જ ક્યાં થઈ છે? જે છે તે ભ્રાંતિ છે, કેવળ વાચ્યાર્થ છે; લક્ષ્યાર્થ નથી.
* પ્રભુપ્રાપ્તિની સાધનામાં આળસ-પ્રમાદ આવે ને કર્તવ્યપરાયણતા, આજ્ઞાપાલન વગેરેમાં શિથિલતા વર્તે,

મન વિષયભોગમાં વધુ આકર્ષાયેલું રહે ત્યારે ઉપાસકે સમજવું કે તેની ઉપાસના કહેવામાત્ર છે. તેમાં દૃઢતા કે પરિપક્વતા નથી. માટે હજી સઘન પ્રયત્નની આવશ્યકતા છે.

* વિષમ દેશકાળમાં પ્રભુના સર્વોપરી સ્વરૂપ સિવાય અન્ય દેવ-મંત્ર-જંત્ર-વિદ્યા વગેરેમાં લેશમાત્ર પ્રતિતી આવે તે અન્યાશ્રય હોવાથી પ્રભુની સર્વોપરી શુદ્ધ ઉપાસના સિદ્ધ થઈ શકતી નથી, માટે સત્પુરુષ પાસેથી શુદ્ધ ઉપાસના સમજી તેને સિદ્ધ કરવા પ્રયત્નશીલ બનવું.
* ચૈતન્યના આત્યંતિક મોક્ષ - Ultimate liberation માટે સર્વ કારણના કારણ, સર્વ અવતારોના અવતારી એવા સર્વોપરી પરબ્રહ્મ પરમાત્મા, પૂર્ણ પુરુષોત્તમનારાયણના સ્વરૂપની શુદ્ધ ઉપાસનાની નિતાંત આવશ્યકતા છે. આવી ઉપાસના પરમાત્માના સાક્ષાત્કારવાળા અનુભવી સત્પુરુષના અનન્યભાવે કરેલા સેવા-સમાગમ દ્વારા જ ઉપલબ્ધ થાય છે.
* પરમાત્માના દિવ્ય સ્વરૂપનો સાક્ષાત્કાર થવા માટે ભગવાન સ્વામિનારાયણે શ્રીમુખવાણી 'વચનામૃત'માં પ્રભુના સ્વરૂપની ઉપાસના અને તે સ્વરૂપનું ધ્યાન, આ બે બાબતને અત્યંત આવશ્યક ગણી છે. આ ઉપરથી ફલિત થાય છે કે શુદ્ધ ઉપાસના સાધક માટે કેટલી અગત્યની છે.

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે–

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈબહેનોને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધનકેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા

એકમોને મદદરૂપ થવું;

(૭) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય એવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદ્‌ભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય એવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.